સંતવાણી ગ્રંથાવલિ ૨૬

# સ્વામી મુક્તાનંદ



# સ્વામી મુક્તાનંદ

## (Swami Muktananda)

લેખક-સંકલન

**શ્રી જમનાદાસ જ. હલાટવાલા**

(સુરત)

**નવજીવન પ્રકાશન મંદિર**

અમદાવાદ-૩૮૦ ૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ. ૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.

**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઓપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**નવ રૂપિયા**

© ગુજરાત દિવ્ય જીવન સંઘ

ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# ૧. બાળપણ

મુંબઈની નજીક થાણા જિલ્લાના ગણેશપુરી ખાતેના પોતાના આશ્રમને ભારતનું એક પ્રસિદ્ધ તીર્થ બનાવનાર અને એક દાયકાથીયે વિશેષ સમય માટે શક્તિપાતની દીક્ષા આપનાર એક સમર્થ સિદ્ધયોગી ગુરુ તરીકે પશ્ચિમના દેશોમાં અનન્ય સ્થાન પ્રાપ્ત કરનાર વર્તમાન સમયના ભારતના મહાન સિદ્ધયોગી સંત બ્રહ્મલીન સ્વામી મુક્તાનંદ બાળપણથી જ વિચક્ષણ વ્યક્તિ હતા.

એમનું પૂર્વજીવનનું નામ કૃષ્ણ. તેઓ કર્ણાટક રાજ્યના દક્ષિણ કાનડા જિલ્લાના ધર્મસ્થામા ગામમાં સંવત ૧૯૬૪માં ભગવાન બુદ્ધના જન્મદિન, વૈશાખ સુદ પૂર્ણિમાના રોજ, તા. ૧૬ મે, ૧૯૦૮ના દિને જન્મ્યા. એમનાં માતાપિતા ધાર્મિક વૃત્તિનાં હતાં. ધર્મસ્થામા ગામમાં મંજુનાથ મહાદેવનું અતિ પ્રસિદ્ધ મંદિર છે. આખા વર્ષ દરમિયાન હજારો યાત્રીઓ ત્યાં દર્શન માટે આવે છે. આવા યાત્રીમાં તે જ ગામની એક યુવાન સ્ત્રી પણ હતી. તે દરરોજ મહાદેવનાં દર્શને આવતી. તેને કાંઈ સંતાન નહોતું અને સંતાનપ્રાપ્તિની ઈચ્છાથી તે મંદિરે આવતી. તે ગામમાં એક સાધુ આવી ચડ્યો. તેણે તે સ્ત્રીની ઈચ્છા જાણીને તેને 'ૐ નમઃ શિવાય'નો મંત્ર આપ્યો અને કહ્યું કે એનો જપ કરવાથી તેને ધાર્યું ફળ મળશે. વૈશાખી પૂર્ણિમાના દિવસે કૃષ્ણનો જન્મ વિચિત્ર સંજોગોમાં થયો. પરોઢિયાના સમયે તેમની માતા ઘરના બગીચામાં નાળિયેરીના ઝાડ નીચે કોગળા કરી રહી હતી, તે જ સમયે કોઈ પણ જાતના પૂર્વસંકેત વિના

કૃષ્ણનું અવતરણ થયું. અને તે બાળક પાણીની નીકમાં પડ્યો. ભવિષ્યમાં જે ધરતીનો ખૂણેખૂણો જીવનની રહસ્યની શોધમાં ખૂંદી વળવાનો હતો તેનો જન્મ ખુલ્લા આકાશની નીચે ખુલ્લી ધરતી પર થયો. બાળકને દૈવી બક્ષિસ સમજીને માતાપિતાએ એનું નામ કૃષ્ણ રાખ્યું. તેનાં માતાપિતા અત્યંત શ્રીમંત હતાં. એમની જાગીરજમીન મોટી હતી. નેત્રાવતી નદીના તીરે આવેલા તેમના સુંદર ઘરની ચોતરફ દૂર ક્ષિતિજ સુધી ડાંગરનાં રળિયામણાં ખેતરો અને નાળિયેરીનાં વૃક્ષો પથરાયેલાં હતાં. આસપાસનું સૃષ્ટિસૌંદર્ય અદ્‌ભુત હતું.

સમયના વહેણ સાથે સુંદર બાંધાનો અને દેખાવડો કૃષ્ણ મોટો થવા લાગ્યો. શાળામાં તે બીજાં બાળકોથી જુદો તરી આવતો. બાળપણથી તે આનંદી, હોશિયાર અને તોફાની પણ હતો. તે પોતાની આસપાસ બીજાં બાળકોને ભેગાં કરતો, તેમની ઠઠ્ઠામશ્કરી કરતો અને તેમની પાસે જાત જાતનાં કામો કરાવતો. બાળપણથી જ તેનામાં નેતૃત્વના ગુણો હતા. તે હંમેશાં બીજાને દાબમાં રાખતો. કોઈનાથી દબાતો નહીં. તે ઝઘડો શોધતો નહીં પરંતુ ઝઘડો આવી પડતો તો સામાને બરાબર સ્વાદ ચખાડતો. ગરમ સ્વભાવનો કૃષ્ણ અન્યાય સહી શકતો નહીં - જરા પણ અન્યાય કે ખોટું જોતાં તે તૂટી પડતો. તે અત્યંત સ્વતંત્ર સ્વભાવનો હતો. વિચિત્ર બીના તો એ હતી કે તેના કોઈ મિત્રો હતા નહીં, ઘરમાં કે બહાર તેના માટે કાંઈ બંધન નહોતું. તે મુક્ત આત્મા હતો. વયના પ્રમાણમાં તે ઘણો પરિપક્વ લાગતો. તે ઘણો હોશિયાર હતો, પરંતુ રૂઢિગત શિક્ષણ તેને ગમતું નહીં. ચાલુ સૂત્રો, ચીલાચાલુ વાતો તેને ગમતાં નહીં. બુદ્ધિમાં જે

ઊતરે અને પોતાને પ્રત્યક્ષ અનુભવ થાય તે જ વાત તે માનતો. જે અગમ્ય છે તેનો તે સતત વિચાર કરતો અને તેની શોધમાં રહેતો. તેને દૂરના દેશોની વાતો સાંભળવી ગમતી અને તે સાંભળીને અશાંત થઈ જતો. તે હંમેશાં કહેતો, ''આ બધા દેશો હું ખૂંદી વળીશ અને તેમાંથી ઘણું જ્ઞાન મેળવીશ.'' એની સાથેના છોકરાઓ એને ઠોઠ અને નીરસ લાગતા. તેનો અસહિષ્ણુ સ્વભાવ કાંઈ પણ અશિષ્ટ કે ગંદું સહી શકતો નહીં. તેને લાગતું કે આવા વાતાવરણમાં તે પણ ઠોઠ અને નિષ્ક્રિય થઈ જશે અને આવી સ્થિતિ તેને મૃત્યુથી બદતર લાગતી.

કૃષ્ણ પંદર વર્ષનો હતો ત્યારે પરમ અવધૂત શ્રી નિત્યાનંદના સંપર્કમાં આવ્યો. એક રખડુ અવધૂત તરીકે ઓળખાતા શ્રી નિત્યાનંદ ઘણી વખતે દક્ષિણ કાનડામાં આવતા. મોટો લોકસમુદાય એમનાં દર્શન માટે ઊમટતો. ત્યાંના એક મુસ્લિમ મિલમાલિકે મેંગલોર શહેરની કાદરીની ટેકરી ઉપર શ્રી નિત્યાનંદના માનમાં એક ભંડારો ગોઠવ્યો હતો. કૃષ્ણ પણ ત્યાં હતો. શ્રી નિત્યાનંદ કૃષ્ણને જોતાં જ ભેટી પડ્યા. તેના ગાલ પર ટપલી મારી અને તેઓ ચાલ્યા ગયા. કૃષ્ણે જોયું તો શ્રી નિત્યાનંદ ઘણી ઝડપથી જતા હતા. તેમના પગ જમીનને અડતા જણાયા નહીં. તેમની ચાલ અલૌકિક હતી. લોખંડને લોહચુંબકનું આકર્ષણ થાય તેમ કૃષ્ણને તેમના પ્રત્યે આકર્ષણ થયું. શ્રી નિત્યાનંદની આંખોમાં જે તેજ હતું તે તેઓ વીસરી શક્યા નહીં. સ્વામી મુક્તાનંદ કહેતા, ''આ બનાવ મારી આંખો આગળ એટલો જીવંત છે કે હું તે ભૂલી શકતો નથી અને તે મારી પાસે એક અમૂલ્ય ખજાનાની જેમ હંમેશને માટે

રહેશે.'' આ ઘટના પછી કૃષ્ણ ઘણો બેચેન થઈ ગયો. તેને અભ્યાસ પ્રત્યે અણગમો થવા લાગ્યો. તેને કાંઈ ગમતું નહીં. તેનામાં ગામ અને કુટુંબ છોડવાની અદમ્ય વૃત્તિ જાગી.

કૃષ્ણનાં ધાર્મિક વૃત્તિનાં માતાપિતા ઘરમાં રામાયણ અને મહાભારતની કથા વાંચતાં. ઘણી વખત રામાયણ અને મહાભારતની કથાના વિવિધ પ્રસંગોના નાટ્યપ્રયોગો થતા. તેમાં સાધુ, સંત કે યોગીની ભૂમિકા તેને અત્યંત ગમતી. તેને સાધુ થવાનું મન થઈ જતું. જોકે સાધુ એટલે શું તે પોતે સમજતો નહોતો. આખરે સાધુ થવાની વૃત્તિ તેનામાં અત્યંત પ્રબળ થઈ ઊઠી. અવધૂત નિત્યાનંદના મિલન પછીના છ મહિનામાં જ એક દિવસ ઘરેથી નીકળી શાળાએ જવાને બદલે તેણે ચારખાડી ઘાટ તરફ પ્રયાણ કરવા માંડ્યું. આ ચારખાડી ઘાટ ઊંચા પહાડો તથા જંગલોનો પ્રદેશ હતો. કૃષ્ણ પાસે એક પૈસો પણ નહોતો. તે ત્યાંથી મૈસૂર ગયો અને પછી હુબલી ગયો. ત્યાં તે સ્વામી સિદ્ધારૂઢના આશ્રમમાં ગયો. સ્વામી સિદ્ધારૂઢ આ વિસ્તારમાં દૂર દૂર સુધી વિખ્યાત હતા. અહીં તેનું સ્વાગત થયું. અહીં તેણે સંસ્કૃત ભાષા, વેદો અને યોગનો અભ્યાસ કર્યો. કૃષ્ણે આ જ સ્થળે સંન્યાસ ગ્રહણ કર્યો. આમ તેણે સંન્યાસી જીવનનો અત્યંત શુકનિયાળ આરંભ કર્યો. કૃષ્ણ હવે સ્વામી મુક્તાનંદ બન્યો.

## ૨. સત્યની શોધમાં

સ્વામી સિદ્ધારૂઢે સને ૧૯૨૯માં મહાસમાધિ લીધી. તે પછી થોડા જ સમયમાં સ્વામી મુક્તાનંદે હુબલી છોડ્યું. હવે સત્યની શોધમાં તેમનું પરિભ્રમણ શરૂ થયું. અનંતની શોધમાં વર્ષો સુધી તેમણે યાત્રાનાં સ્થળો ખૂંદ્યાં. પહાડ, પર્વત અને જંગલોનો આશ્રય લીધો તથા અનેક સાધુસંતોનો સમાગમ કર્યો. તેઓ અનેક આશ્રમોમાં રહ્યા. શાસ્ત્રો, વેદાંતો, વિચારસાગર, પંચદશી, યોગવાશિષ્ઠ વગેરેનો અભ્યાસ કર્યો.

સ્વામીને કવિતાનો અત્યંત શોખ હતો. તેમણે મહારાષ્ટ્રના કવિસંતો - જ્ઞાનેશ્વર, નામદેવ, એકનાથ, તુકારામ, સમર્થ રામદાસ વગેરેના ગ્રંથોના છંદો કંઠસ્થ કર્યા. તેઓ ઔરંગાબાદમાં ખૂબ રખડ્યા. તે પ્રદેશના જાણીતા સંતો મનસૂર મસ્તાના, નિયત નિરંજન, અમૃતારામ, જનાર્દન સ્વામી, માનપુરી વગેરે સંતોની કવિતાઓ પણ એમણે કંઠસ્થ કરી.

પરિભ્રમણ દરમિયાન તેઓ ઘણુંખરું પદયાત્રા કરતા. આ દરમિયાન તેમણે ઘણું નિરીક્ષણ કર્યું. ઘણો અભ્યાસ કર્યો. તેમણે તમામ યોગાસનો શીખી લીધાં અને શરીરને મજબૂત અને તંદુરસ્ત બનાવ્યું. આયુર્વેદિક દવાઓ તથા જડીબુટ્ટીઓનો અભ્યાસ કર્યો અને ઘણા રોગીઓની તેનાથી સારવાર કરી. પાકશાસ્ત્રનો અભ્યાસ કરી તેમાં પણ તેઓ પ્રવીણ થયા.

પરિભ્રમણ દરમિયાન તેમને અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો. તેઓ ઘણી વાર માઈલો સુધી ચાલ્યા કરતા અને રાત્રે જ્યાં જગ્યા મળે ત્યાં સૂઈ જતા. કદી કોઈની પાસે ભોજન

કે આશ્રય માગતા નહીં. અચાનક વ્રતને કારણે ઘણી વાર તેમને ભૂખ્યા રહેવું પડતું. જે વસ્તુ તેમની આગળ ધરવામાં આવતી તેનો જ તેઓ સ્વીકાર કરતા. કમરે વીંટાળેલા એક કપડાભર તેઓ ઘણી વાર શિયાળાની કડકડતી ઠંડીના દિવસો પસાર કરતા. આવી ઠંડીમાં કેટલીક વાર તેઓ કબર પર ઢાંકેલી ચાદર કાઢીને તે ઓઢીને રાત્રે સૂઈ જતા અને સવારે તે ચાદર પાછી કબર ઉપર ઓઢાડી દેતા. લગભગ નગ્ન શરીરે તેઓ કડકડતી ઠંડીવાળો શિયાળો, ધોમધખતો ઉનાળો કે દેમાર વર્ષાવાળી વર્ષાઋતુ પસાર કરતા. આ બધાંને કારણે તેઓ મલેરિયાના તાવ તથા મરડાથી પટકાઈ પડ્યા.

આવી અનેકવિધ મુશ્કેલીઓ છતાં સ્વામીનો અશાંત આત્મા એટલો દૃઢ હતો કે તેમણે ભારતનું ત્રણ વાર પરિભ્રમણ કર્યું. કેટલીક વખત મુશ્કેલીમાં તેમને ગેબી મદદ મળતી. હિમાલયમાં ફરતાં એક વખત તેઓ ખોટે રસ્તે ચડી ગયા. થોડે ગયા એટલે એક કાળો કૂતરો રસ્તાની વચ્ચે આવી સ્વામી સામે ભસવા લાગ્યો અને આગળ વધતાં રોકવા લાગ્યો. છેવટે સ્વામીને પાછા ફરવું પડ્યું. રસ્તામાં એમને બે સાધુઓ મળ્યા. આ બનાવની એમને જાણ કરતાં એ સાધુઓએ કહ્યું કે સ્વામી જે રસ્તે જતા હતા તે તિબેટ તરફ જતો ખૂબ જોખમી રસ્તો હતો.

સ્વામીજીને મહારાષ્ટ્ર માટે અનેરું આકર્ષણ હતું. તેઓ મરાઠી ભાષા શીખ્યા. નાસિક જિલ્લાના યેવલા શહેરને તેમણે પોતાનું મુખ્ય સ્થાન બનાવ્યું. ત્યાંથી તેઓ અવારનવાર ભારતભરના જુદા જુદા પ્રદેશોમાં પરિભ્રમણ કરતા. તેઓ કોઈ પણ સ્થળે ઝાઝું રોકાતા નહીં. યેવલામાં તેમની પાછળ એક ભક્તસમુદાય

ઊભો થયો. સ્વામીજી સાથે આ લોકો પણ પરિભ્રમણમાં જોડાતા. સ્વામીજી યેવલાથી ચાલીસગાંવ, કોકળપાન, કસારા વગેરે શહેરોમાં જતા. આ સ્થળોએ તેમનો મોટો ભક્તસમુદાય હતો. ત્યાં તેઓ નામધૂન સપ્તાહ રાખતા. સપ્તાહ પૂરી થતાં ભંડારો થતો. સ્વામીજી પોતાની પાસે બાળકોને ભેગા કરતા. તેમની પાસે ભક્તિગીતો ગવડાવતા અને પછી પ્રસાદ વહેંચતા. તેઓ પોતે પણ ભક્તોની વચ્ચે બેસી તંબૂરાના તાર સાથે ભક્તિગીતો ગાતા. આજે પણ આ સ્થળોના એમના અનેક ભક્તો ગણેશપુરી આશ્રમમાં આવે છે અને જૂના દિવસો યાદ કરે છે.

સ્વામીજી વખતોવખત આ પ્રદેશનાં ઘોર અરણ્યોમાં તપસ્યા કરતા. તેઓ બહુ જ સાદું જીવન ગુજારતા અને એકાંતમાં રહેતા. શહેરનો ઘોંઘાટ ટાળવા તેઓ પહાડ-પર્વત પર વાસો કરતા. સ્વામીજીની તપસ્યાનાં સ્થાનોમાં યેવલાથી ત્રણ માઈલ દૂર આવેલું સૂકીનું સ્થાન મહત્ત્વનું છે. અહીં એક કુટિરમાં એમણે સાધના કરેલી. એમણે આ સ્થળ સાધના માટે કેમ પસંદ કર્યું તેની એક કહાણી છે. એક દિવસ ત્યાંના જમીનદાર સોપાનરાવની પત્ની કૂવામાંથી પાણી કાઢવા ગઈ. કૂવામાં તેણે એક રથ ઊતરતો જોયો. તેમાં શિવલિંગ હતું. રથ પર હનુમાન બિરાજ્યા હતા. તેણે આ વાત બીજી સ્ત્રીઓને કહી અને તે તરત બેહોશ થઈ ગઈ. તેને લાંબા સમયે ભાન ન આવતાં સોપાનરાવ સ્વામી મુક્તાનંદને બોલાવવા યેવલા ગયા. સ્વામી ટાંગામાં બેસીને સૂકી આવ્યા. સ્વામીના આવ્યા બાદ તે ભાનમાં આવી. પરંતુ સ્વામી પોતે આ સ્થળે ધ્યાનસ્થ થઈ ગયા. આંબાના વૃક્ષ

પાસે એક એકાંત અને શાંત જગ્યા પાસે જતાં જ સ્વામીને ધ્યાન લાગી ગયું. તેમને તે સ્થળ અને વાતાવરણ એટલું ગમ્યું કે તેઓ ત્યાં જ રહી પડ્યા. સ્વામીજીના ભક્તોએ તરત જ ત્યાં એક કુટિર ઊભી કરી અને પાછળથી ત્યાં એક ઓરડી બનાવી. આ ઓરડીમાં પોતાની કુંડલિની જાગ્રત થયાનો સ્વામીજીને અનુભવ થયો. તથા ઘણીબધી અનુભૂતિઓ થઈ. આજે પણ જે સાધક ત્યાં જાય છે તેમને શક્તિનો અનુભવ થાય છે. સુરતના મુક્તાનંદ પરિવારનો એક સમૂહ ત્રણેક વર્ષ ઉપર ત્યાં ગયેલો. એમનામાંથી ઘણાંને ત્યાં પ્રચંડ શક્તિનો અનુભવ થયો હતો.

સ્વામીજી મહિનાઓ સુધી છાસ અથવા દૂધ અથવા લીંબુના રસ ઉપર રહેતા. તેઓ એક સ્થાન ઉપર વધુ સમય રહેતા નહીં. શાસ્ત્રોમાં ઈશ્વર વિશે લખાયેલી વાતોના વાચનથી એમને સંતોષ થતો નહીં. ઈશ્વરનાં પ્રત્યક્ષ દર્શન કરવાની તેમની ખેવના હતી. હજુ પણ તેઓ સંપૂર્ણ સત્ય(Absolute Reality)ની શોધમાં હતા. એક વાતની તેમને ખાતરી હતી કે આ માર્ગે જેઓ ગયા છે અને જેમણે પરમાત્માનાં દર્શન કર્યાં છે તેઓ જ તેમને માર્ગ બતાવી શકે, પુસ્તકિયું જ્ઞાન નહીં. બીજા શબ્દોમાં સ્વામીજી જાણ્યેઅજાણ્યે સદ્‌ગુરુની શોધમાં હતા. સદ્‌ગુરુની શોધમાં તેઓ ગિરિમાળાઓમાં, જંગલોમાં, નદીકિનારે અને સ્મશાનમાં ભટક્યા. કોઈ ઠેકાણે તેમને સાચા ગુરુનાં દર્શન થયાં નહીં. કોઈ તેમના આત્માને અનંતના આરે લઈ જઈ શક્યું નહીં. ઊંચે આકાશમાં અનંતની ચેતનાની પાસે પહોંચવા તેઓ નિરંતર ઊડ્યા જ કરતા.

# ૩. સંતોના સમાગમમાં

સ્વામીજી કેટલાક સાધુસંતોના સમાગમમાં આવ્યા. તે પૈકી બે સંતોની તેઓ ઘણા નિકટ આવ્યા. એક જલગાંવ જિલ્લાના ઝિપ્રુ અણ્ણા અને બીજા ઔરંગાબાદ જિલ્લાના વૈજપુરના હરિગિરિ બાબા. ઝિપ્રુ અણ્ણા સાથેની તેમની મુલાકાતનો બનાવ રસિક છે. ચાલીસગાંવમાં સ્વામીજીની દેખભાળ કરનાર રામદાસ ઝિપ્રુના મિત્ર દાદુ સોનાર એક વખત ધંધાર્થે નસીરાબાદ ગયા હતા. ત્યાં કોઈકે એમને કહ્યું કે અહીં ઝિપ્રુ અણ્ણા નામના મહાન સંત વસે છે અને તેમનાં દર્શન કરવા જેવાં છે. દાદુ તેમનાં દર્શને ગયા. ઝિપ્રુ અણ્ણા એક ઉકરડા ઉપર નગ્ન અવસ્થામાં બેઠા હતા અને આજુબાજુ પડેલા મળને પીંખતા હતા. દાદુને લાગ્યું કે એ કોઈ પાગલ લાગે છે અને તેને કોઈકે મૂર્ખ બનાવ્યો છે. ઝિપ્રુ અણ્ણાએ દાદુ સામે જોયું અને દાદુને કહ્યું : ''તારા ઘરમાં બે સંતોના ફોટા છે, તેમાંના એક જીવિત છે તેને મારી પાસે મોકલ.'' દાદુને આ સાંભળી ઘણી નવાઈ લાગી. તેના ઘરમાં એક ફોટો હતો. તેમાં બે સંતો હતા. તેમાંના સ્વામી મુક્તાનંદ જીવિત હતા.

દાદુએ ચાલીસગાંવ આવી આ વાત રામદાસને કહી અને રામદાસે આ વાત સ્વામીજીને કહી. સ્વામીજીનો અશાંત આત્મા તરત ઊંચોનીચો થઈ ગયો. તેઓ તરત ઝિપ્રુ અણ્ણાને મળવા નીકળ્યા. સ્વામીજીએ પણ ઝિપ્રુ અણ્ણાને દાદુએ દર્શાવેલ સ્થળે અને તે જ અવસ્થામાં જોયા. સ્વામીજી સંતોની રીત જાણતા હતા, તેથી તેઓ નવાઈ પામ્યા નહીં. ઝિપ્રુ અણ્ણા

ઉકરડા ઉપર બેઠા હતા, પરંતુ તેમના શરીર ઉપર અસ્વચ્છતાનું નામનિશાન નહોતું, એટલું જ નહીં પરંતુ તેમના શરીરમાંથી એક જાતની સુવાસ પ્રગટી રહી હતી. ઝિપ્રુ અણ્ણાને જોતાં જ સ્વામીજીને એમના તરફ અદમ્ય ખેંચાણ થયું, પ્રેમ અને સન્માનની લાગણી ઉત્પન્ન થઈ. સ્વામીજીએ કહ્યું, ''તમારી પાસે દાદુ આવ્યો હતો. તેના જેવો હું નથી કે તમને ઓળખી નહીં શકું. તમે કોણ છો તે હું સારી પેઠે જાણું છું.'' ઝિપ્રુ અણ્ણાને આ સાંભળીને ઘણો આનંદ થયો. ત્યારથી બંને વચ્ચે પ્રેમની એક ગાંઠ બંધાઈ. સ્વામીજી તરત આ સંતને વારંવાર મળવા લાગ્યા. તે સર્વજ્ઞ અવધૂત હતા. ઝિપ્રુ અણ્ણાને સ્વામી મુક્તાનંદ પ્રત્યે કેટલો પ્રેમ હતો તે એક ઘટના ઉપરથી જાણી શકાય છે. સ્વામી મુક્તાનંદના યેવલાવાસ દરમિયાન તેમના એક ભક્ત ભાઉ શાસ્ત્રીની પત્નીની ગંભીર માંદગીના સમાચાર તેમને મળ્યા. સ્વામીજી તરત ભાઉ શાસ્ત્રીના ઘરે ગયા. તે સ્ત્રી ક્ષયરોગના છેલ્લા તબક્કામાં હતી. સ્વામીજીએ આ અંગે પોતાને પહેલેથી જાણ નહીં કરવા બદલ ભાઉ શાસ્ત્રીને ઠપકો આપ્યો અને ખાતરી આપી કે એની પત્નીને કાંઈ થશે નહીં. સ્વામીજી ત્યાંથી ઝિપ્રુ અણ્ણા પાસે નસીરાબાદ ગયા. સ્વામીજીને ખાલી બાટલી સાથે આવતા જોઈ સંતે કહ્યું, ''તું મારી પાદુકાને ધોઈ તે પાણી કરી પેલી માંદી બાઈ માટે લઈ જવા આવ્યો છે.'' સ્વામીજીએ હા કહી. ઝિપ્રુ અણ્ણાએ હસી પડી પોતાનાં ચરણો આગળ કર્યાં. સ્વામીજીએ તેમનાં ચરણોને પાણીથી ધોઈ તે પાણી બાટલીમાં ભર્યું અને ભાઉ શાસ્ત્રીની પત્નીને તે દવા તરીકે આપ્યું. સ્ત્રી તરત સાજી થવા લાગી અને હજી આજે પણ

તંદુરસ્ત છે. તે સમયમાં સ્વામીજીને માથાનો સખત દુખાવો થતો હતો. સ્વામીજીએ આ વાત ઝિપ્રુ અણ્ણાને કરી. સંતે સ્વામીને તેમના ખોળામાં બેસાડ્યા અને તેનું માથું ચાટી આશીર્વાદ આપ્યા. તેમણે કહ્યું, ''તારી ખ્યાતિ સ્વર્ગ સુધી પહોંચશે.'' સ્વામીજીના માથાનો દુખાવો મટી ગયો.

જ્યારે સ્વામીજી સંતને છેલ્લી વખત મળ્યા ત્યારે સંતે એમને રોકી રાખ્યા. છેવટે સ્વામીજી જવા માટે નીકળ્યા તો સંત નસીરાબાદની સીમા સુધી તેમને વળાવવા આવ્યા. સ્વામીજીએ એમને આ તકલીફ લેતાં ઘણા વાર્યા, પરંતુ તેઓ માન્યા નહીં. બે મહિના બાદ સ્વામીજીને સમાચાર મળ્યા કે સંત ઝિપ્રુ અણ્ણાએ મહાસમાધિ લીધી છે. ઝિપ્રુ અણ્ણા શા માટે પોતાને શહેરના સીમાડા સુધી વળાવવા આવ્યા હતા તેનો સ્વામી મુક્તાનંદને તે વખતે ખ્યાલ આવ્યો.

સ્વામીજી પ્રત્યે ઘણો પ્રેમ રાખનાર બીજા સંત હતા શ્રી હરિગિરિ બાબા. એમણે સ્વામીજીને એમની સાધના માટે ઉત્તમ માર્ગદર્શન આપ્યું હતું. આ સંતની ખાસિયતો વિચિત્ર હતી. કોઈક વાર તેઓ રજવાડી ઠાઠનાં વસ્ત્રો પહેરતા અને માથે સાફો બાંધતા, તો કોઈ વાર નગ્ન અવસ્થામાં ભટકતા. સ્વામીજી પોતાના ભક્તોને હરિગિરિબાબાની સર્વજ્ઞતાની વાતો ઘણી વખત કરતા. તેમાંની એક ઘટના નીચે પ્રમાણે છે:

હરિગિરિબાબા સ્વામીજીને મહારાજા કહી સંબોધતા. એમણે સ્વામીજીને ઘણી વખત દોલતાબાદના કિલ્લાની મુલાકાત લેવા કહ્યું. આથી સ્વામીજી એક વાર ત્યાં ગયા. સ્વામીજી ત્યાંના વાતાવરણથી ગદ્ગદિત થઈ ગયા. તેમને પોતાના પૂર્વજન્મની

સ્મૃતિ થતી હોય એવું લાગ્યું. તે સ્થાન એમને ઘણું ગમ્યું. પરંતુ દોલતાબાદના કિલ્લાની બિસમાર હાલત જોઈ એમને દુઃખ થયું. એક સમયનો રાજા પોતે પ્રત્યક્ષ જાણે પોતાની જગ્યાની દુર્દશા જોતો હોય એવો ભાવ તેમણે અનુભવ્યો. ત્યાર બાદ સ્વામીજીએ એ સ્થળ અને આસપાસનાં સ્થળોની અનેક વાર મુલાકાત લીધી. રામદાસ ઝિપ્રુ કહે છે કે એક વખત હરિગિરિબાબાએ સ્વામીજીને વૈજપુર આમંત્ર્યા. સ્વામીજી રામદાસ સાથે ત્યાં ગયા. બીજે દિવસે સવારે હરિગિરિબાબાએ રામદાસને કહ્યું, ''તમારા સ્વામી હવે સ્વામી રહ્યા નથી. તે મહારાજા બન્યા છે.'' પછી સ્વામીજી તરફ ફરીને કહ્યું, ''તારે હવે ચેવલાના ઝૂંપડામાં રહેવાની જરૂર નથી. તારે હવે મહેલમાં રહેવાનું છે. તારાં આ જીર્ણ વસ્ત્રો ફેંકી દે અને તેને બદલે નવાં રેશમી વસ્ત્રો પહેર. હવે તું સંન્યાસી રહ્યો નથી, પરંતુ મહારાજા બન્યો છે. તારે કોઈની પાસે માગવાની જરૂર પડશે નહીં, પરંતુ તું હવે દાતા બન્યો છે.''

આ બનાવ પછી બે જ માસમાં સ્વામીજીને અવધૂત શ્રી નિત્યાનંદનો ભેટો થયો અને તેમના આશીર્વાદ મળ્યા. જે ગુરુની શોધમાં તેઓ વર્ષો સુધી ભટક્યા, જે તેમને અંતિમ ધ્યેય તરફ દોરી જવાના હતા અને જેમની કૃપાથી તે અનંતમાં ભળી જવા પામ્યા તે અંતે તેમને મળી ગયા. સ્વામીજીએ સર્વસ્વ છોડ્યું હતું. પરંતુ તેમને રાજયોગ હતો અને ત્યાર પછી મહારાજાની જેમ રહ્યા. હરિગિરિબાબાએ સ્વામી મુક્તાનંદ વિશે જે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી તે આખરે સાચી પડી. જ્યારે સ્વામીજીની કુંડલિની શક્તિ જાગ્રત થઈ અને તેમને આધ્યાત્મિક

અનુભૂતિઓ થવા લાગી અને સ્વામીજી આ સ્થિતિથી અત્યંત ભયભીત થઈ ગયા ત્યારે એમને હિંમત આપનાર હરિગિરિબાબા હતા. ઝિપ્રુ અણ્ણા અને હરિગિરિબાબા બંનેએ સ્વામીજીને ગણેશપુરી સ્થાયી થવા કહ્યું હતું, ''તારું ત્યાં સુંદર ભાવિ છે.''

સ્વામીજીને પંઢરપુરમાં બીજા બે અદ્‌ભુત સ્વામીઓનો સંપર્ક થયો - નૃસિંહ સ્વામી અને બાપુમાઈ. નૃસિંહ સ્વામી ઝિપ્રુ અણ્ણાની જેમ નગ્ન સાધુ હતા. એની વિચિત્રતા એ હતી કે કોઈ તેમને જેટલું આપે તેટલું તે ખાતા અને નળ હોય ત્યાં નહાતા. એક વખત સ્વામીજીએ તેમને ચાલીસગાંવ નામધૂન સપ્તાહમાં આશીર્વાદ આપવા આમંત્રણ આપ્યું. તેઓ ત્યાં આવ્યા અને થોડા દિવસ રહ્યા. પછી તેમણે સ્વામીજીને કહ્યું, ''હું પંઢરપુરનો વાસી છું. તે મારું વૈકુંઠ છે. મને ત્યાં જવા દો.'' સ્વામીજીએ તેમને સુગંધિત જળથી સ્નાન કરાવ્યું, શરીર પર પવિત્ર રાખ અને સુખડનો લેપ કર્યો, ફૂલહાર કર્યાં અને ભવ્ય વિદાય આપી. નૃસિંહ સ્વામીએ સ્વામીજીને બાપુમાઈ નામના સંતને મળવાની સલાહ આપી હતી. બાપુમાઈની ખાસિયત એવી હતી કે તે કેડે એક લંગોટી બાંધી રાખતા અને મહિનાઓ સુધી તે બદલતા નહીં. તેમના વાળ ખૂબ લાંબા હતા અને તેઓ હંમેશાં તેમની સાથે ચીંથરાંથી બાંધેલી ત્રણ નાની લાકડી લઈને ફરતા. કોઈ તેમને પૂછે કે આનો અર્થ શું થાય તો જવાબ આપતા કે, ''મેં આ રીતે સત્ત્વ, રજસ અને તમસ - એ ત્રણે ગુણોને બાંધ્યા છે અને હું એ ત્રણેથી પર છું.'' તેઓ પોતાની પાસે ફાટેલાં કપડાંનું એક બંડલ રાખતા. તેઓ દરેક પાસે એક પૈસો માગતા, પછી વિઠોબાના મંદિરમાં જતા અને સાંજે

પોતાને જેટલા પૈસા આ રીતે મળ્યા હોય તે તમામ ચંદ્રભાગા નદીમાં નાખી દેતા અને કહેતા, ''મા, ચંદ્રભાગા, મારા આ બધા પૈસા તું તારી પાસે સલામત રાખજે.'' જાણે ચંદ્રભાગા નદી એ સંતની બૅન્ક હોય !

એક દિવસ સ્વામીજીએ બાપુમાઈને પંઢરપુરની શેરીમાં જોયા અને તેમની પાછળ ચાલવા માંડ્યું. થોડુંક ચાલ્યા પછી બાપુમાઈએ તેમની પાછળ કોણ આવે છે તે જોવા પૂંઠ ફેરવી. તેમણે સ્વામીજીને પૂછ્યું, ''તમે કોણ છો ?''

સ્વામીજીએ કહ્યું : ''વટેમાર્ગુ.''

બાપુમાઈ : ''તમે ક્યાં જાઓ છો ?''

સ્વામીજી: ''તમારી પાછળ.''

બાપુમાઈ: ''મારે ઘર નથી, હું સ્મશાનમાં રહું છું.''

સ્વામીજીએ જવાબ આપ્યો, ''મને તેની ફિકર નથી. ન તો સ્મશાનથી હું બીઉં છું, ન તો ત્યાં જવાથી અભડાઉં છું.'' ત્યાર બાદ બંને સાથે ચાલતા રહ્યા. રસ્તામાં બાપુમાઈ ચંદ્રભાગા નદી પાસે ગયા અને તમામ પૈસા નદીમાં નાખીને કહ્યું : ''મા, આ તારી પાસે રાખજે.'' ત્યાંથી તેઓ બંને સ્મશાનમાં આવ્યા. ત્યાં તેમણે સ્વામીજીને પૂછ્યું, ''તને ભૂખ લાગી છે ?'' સ્વામીજીએ કહ્યું, ''હા.'' એટલામાં એક માણસ ત્યાં થોડાં દાળ, ભાત અને રોટલી લાવ્યો. બાપુમાઈએ સ્વામીજીને તે ખાવા કહ્યું. સ્વામીજી ઘણા ભૂખ્યા હતા તેથી તેઓ તરત બેસી ગયા અને જે હતું તે બધું ઝાપટી ગયા. સ્વામીજી વિચારમાં પડી ગયા કે સ્મશાન જેવી એકાંત જગ્યામાં આવું સ્વાદિષ્ટ ખાવાનું લઈને કોણ આવ્યું ? તેથી તેમણે ખાવાનું

લાવનારને પૂછ્યું, ''તું કોણ છે ? ક્યાંથી આવે છે ? તને કેમ ખબર પડી કે હું ભૂખ્યો છું ?'' તે માણસે કહ્યું, બાપુમાઈને ભૂખ લાગે છે ત્યારે હું ખાવાનું લાવું છું.'' સ્વામીજીએ પૂછ્યું, ''બાપુમાઈ અહીંયાં છે અને તેમને ભૂખ લાગી છે તેની ખબર તને કેવી રીતે પડે છે ?'' તે માણસ જવાબ આપ્યા વગર તરત ચાલ્યો ગયો. બાપુમાઈએ સ્વામીજીને પૂછ્યું, ''તને સંતોષ થયો ? તેં મારી પરીક્ષા કરી ?'' સ્વામીજીએ બાપુમાઈને કંઈક ઉપદેશ આપવા વિનંતી કરી..બાપુમાઈએ પૂછ્યું, ''તને મારી પાસે આવવા કોણે કહ્યું ?''

સ્વામીજીએ કહ્યું, ''નૃસિંહ સ્વામીએ.''

બાપુમાઈએ મશ્કરીમાં કહ્યું, ''એની પાસે ઓછું છે કે તેણે તને મારી પાસે મોકલ્યો ?'' સ્વામીજીએ પણ મજાકમાં કહ્યું, ''જેની પાસે વધારે છે તે માને છે કે તેની પાસે કંઈ નથી. જેની પાસે ઓછું છે તે વણમાગ્યું આપે છે.'' બાપુમાઈને આ જવાબથી આનંદ થયો. તે હસી પડ્યા અને કહ્યું, ''ભગવાન વિઠ્ઠલ સિવાય આ દુનિયામાં બીજું કાંઈ નથી. તે સર્વત્ર છે. તે આગળ છે, પાછળ છે, ઉપર છે, નીચે છે. તું પણ વિઠ્ઠલ છે અને હું પણ વિઠ્ઠલ છું. મારે વિશેષ કંઈ કહેવાનું નથી. મેં જે કહ્યું તે મનમાં રાખજે, તેના પર ચિંતન કરજે, તેનું ધ્યાન કરજે અને તેનો સાક્ષાત્કાર કરજે.'' સ્વામીજીએ મજાકમાં કહ્યું, ''આ તમારું ફાટેલાં કપડાંનું પોટલું છે તેમાંથી મને કંઈક આપો.'' બાપુમાઈએ કહ્યું, ''તેમાંથી કોઈને કંઈ મળે નહીં. આ તો મારો કીમતી ખજાનો છે.''

સ્વામીજીને સ્વામી લિગાનંદ નામના કાશીના અવધૂતનો પણ

ભેટો થયેલો. તેમની પાસેથી તેઓ યોગાસનો શીખેલા અને તેનાથી તેમને અદ્‌ભુત અનુભવો થયેલા. આ ઉપરાંત પણ સ્વામીજીને આખા દેશના અનેક સંતોનો સમાગમ થયેલો. આ બધા સાથે તેઓ થોડાક દિવસ રહેતા, તો કોઈને ફક્ત મળીને ચાલ્યા જતા. પરંતુ તેઓ દરેક પાસેથી કાંઈ ને કાંઈ શીખતા. આ પ્રમાણે તેઓ અનેક સંતોને મળ્યા. તેમનાથી પ્રભાવિત થયા પરંતુ તેઓ કોઈને પોતાના ગુરુ તરીકે સ્વીકારી શક્યા નહીં. તેઓ છેવટ સુધી આ બધાને યાદ કરતા પરંતુ તેઓ કોઈને શરણે ગયા નહીં.

આ પ્રમાણે દિનપ્રતિદિન, એક જગ્યાએથી બીજી જગ્યાએ, અને એક સંત પાસેથી બીજા સંત પાસે એમ એમની સત્યની શોધ સતત ચાલુ રહી.

સ્વામીજીની આ ખોજનું સારું પરિણામ એ આવ્યું કે એનાથી એમને જે અનુભવ મળ્યો અને સહન કરવાની શક્તિ આવી તેનાથી તેઓ સંપૂર્ણ બનતા ગયા. આ અનુભવો તેમનું દષ્ટિબિંદુ અને જીવન તરફનો અભિગમ ઘડવામાં ઘણા ઉપયોગી થઈ પડ્યા, અને એકંદરે આ તમામ અનુભવોથી તેમનામાં એક મજબૂત આધ્યાત્મિક પાયો રચાયો. ભગવાનનો અદશ્ય હાથ સ્વામીજીને હવે પછીનાં વરસોમાં ભગવાન નિત્યાનંદની કૃપાનું પાત્ર બનાવવામાં સતત કામ કરતો હોય તેમ લાગતું. ભગવાન નિત્યાનંદનું કામ તેમનું ઘડતર કરવાનું નહોતું. પરંતુ તેમને આખરી સ્વરૂપ આપવાનું હતું.

# ૪. સાધનાકાળની અનુભૂતિઓ

એક વખત સ્વામીજીને ભગવાન નિત્યાનંદનાં દર્શન કરવાનું મન થયું. તેઓ વજ્રેશ્વરી આવ્યા અને ખેતરોમાંથી ચાલતાં ગણેશપુરી આવ્યા. પૂ. નિત્યાનંદે પોતાની તીક્ષ્ણ આંખો સ્વામીજી તરફ ફેરવી, અને જાણે તેમની પ્રતીક્ષા કરતા હોય તેમ પૂછ્યું : ''તું આવી ગયો ?'' સ્વામીજીના સ્મૃતિપટ પર તેમના વિદ્યાર્થીકાળનો પ્રસંગ ચમક્યો, જ્યારે નિત્યાનંદજી તેમને ભેટી પડ્યા હતા અને ગાલ પર ટપલી મારી હતી. પૂ. નિત્યાનંદ સ્વામીજીને જોઈને હસ્યા અને તેમને કોફી અને સૂકા મેવાનો પ્રસાદ આપ્યો. સ્વામીજીએ તે ખૂબ ભાવથી ખાધો. તેઓ એક અક્ષર પણ બોલ્યા નહીં. પરંતુ તે શાંત પળોમાં તેમને લાગ્યું કે આ જ એ ગુરુ છે કે જે સત્યની શોધમાં નીકળેલા તેમના ભટકતા આત્માને કાબૂમાં રાખી તેમને આંતરિક શાંતિ અને સ્વસ્થતા આપી શકે છે, જે ધસમસતા પાણીના પ્રવાહની આડે આવી તે પ્રવાહને યોગ્ય વળાંક આપી શકે છે અને જે એક અશાંત આત્માની શક્તિનો સદુપયોગ કરી શકે છે. પરંતુ સ્વામીજીના આત્માને શાંતિ મળી નહીં. ભગવાન નિત્યાનંદ એક સખત કામ લેનાર ગુરુ હતા જ્યારે સ્વામીજી એક ઊછળતો ક્રાંતિકારી આત્મા હતો. તેઓ કોઈનાથી દોરવાતા નહીં અગર કોઈના વશમાં રહેતા નહીં. જેથી ભગવાન નિત્યાનંદ સાથેના આ સમાગમ પછી પણ તેઓ તેમની શરણાગતિ સ્વીકારવા તૈયાર નહોતા અને તેઓ ચેવલા પાછા આવ્યા.

જુલાઈ ૧૯૪૭ની અધવચમાં સ્વામીજી પાછા વજ્રેશ્વરી

આવ્યા. તેમનો વિચાર થોડા દિવસ ત્યાં રહેવાનો હતો. તેઓ બેએક મહિના વજ્રેશ્વરી માતાના મંદિર પાસે એક ઝૂંપડીમાં રહ્યા. આ ઝૂંપડીનો હાલ જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે અને તે દત્ત મંદિર તરીકે ઓળખાય છે. આ ઝૂંપડીની વચ્ચે એક ઔદુંબરનું ઝાડ ઊભેલું છે. અહીંથી સ્વામીજી ભગવાન નિત્યાનંદના દર્શને જતા. તે વખતે વજ્રેશ્વરીમાં સ્વામી મુક્તાનંદ કોણ છે તે કોઈ જાણતું નહીં. લોકોને લાગતું કે આ કોઈ ઉત્તર હિંદુસ્તાનના સંન્યાસી છે. પરંતુ એક દિવસ ભગવાન નિત્યાનંદે આ રહસ્ય ખોલ્યું અને સ્વામીજી પ્રત્યે માન વધી ગયું. ધીમે ધીમે સ્વામીજી વજ્રેશ્વરીમાં પ્રસિદ્ધ થવા લાગ્યા, વજ્રેશ્વરીના મંદિરમાં તેમના રહેવાનો તથા જમવાનો બંદોબસ્ત કરવામાં આવ્યો. આજુબાજુના લોકોને તેમના તરફ પ્રીતિ થવા લાગી અને તેઓ તેમની પાસે આવી સત્સંગ કરવા લાગ્યા. સ્વામીજી ભક્તિગીતો ગાતા, સંસ્કૃત શ્લોકો બોલતા અને મહાન સંતોનાં ભક્તિગીતો સુંદર સ્વરે ગાતા. લોકોના કોલાહલથી બચવા સ્વામીજી કેટલીક વખત વજ્રેશ્વરી મંદિરની પાછળ આવેલા જંગલની ટેકરી પર આવેલી ગોદડિયા બાબાની સમાધિ પર રહેતા.

સ્વામીજીના વજ્રેશ્વરીના વસવાટ દરમિયાન તેમના આધ્યાત્મિક જીવનનો એક નવો તબક્કો શરૂ થયો. ધીમે ધીમે સ્વામીજીએ તેમના ગુરુ ભગવાન નિત્યાનંદનાં ચરણોમાં શરણ લીધું. એક દિવસ રાત્રે સ્વામીજીએ એક સુંદર યુવાન સ્ત્રીને સ્વચ્છ સફેદ વસ્ત્રોમાં સજ્જ થઈને મંદિરમાંથી બહાર નીકળતી જોઈ. સ્વામીજીએ કુતૂહલવૃત્તિથી તેનો પીછો કર્યો. ધીમે ધીમે

એ સ્ત્રી પાસેની નદીના પાણીમાં અદશ્ય થઈ ગઈ. બીજે દિવસે સવારે ભગવાન નિત્યાનંદે સ્વામીજીને કહ્યું કે તે સ્ત્રી વજ્રેશ્વરી માતા પોતે જ હતાં. તે જ દિવસે ભગવાન નિત્યાનંદે સ્વામીજીને એક નાળિયેર આપ્યું, જે સ્વામીજીએ તેમની પૂજામાં મૂક્યું. આ બનાવ પછી સાતમે દિવસે એક મોટો બનાવ બન્યો. તે દિવસ ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭નો હતો. સ્વામીજી હંમેશની જેમ સવારે ભગવાન નિત્યાનંદનાં દર્શને નીકળ્યા. અને ભગવાન નિત્યાનંદના રૂમની બહાર શાંતિથી તેમના બહાર નીકળવાની રાહ જોતા બેઠા. એટલામાં ભગવાન નિત્યાનંદ લાકડાની પાદુકા પહેરીને બહાર આવ્યા. સ્વામીજીએ તેમને બે હાથ જોડયા. ભગવાન તેમના તરફ જોઈને હસ્યા અને કહ્યું: ''આ પાદુકા તું લેશે ? તું એને પહેરશે ?'' સ્વામીજીએ જવાબ આપ્યો: ''આ પાદુકા મને બહુ ગમશે, પરંતુ હું તેને પહેરીશ નહીં. હું તેની પૂજા કરીશ.'' ભગવાન નિત્યાનંદે એ સ્વીકારી લીધું. હુંકાર કરતાં કરતાં તેમણે પહેલાં પોતાનો ડાબો પગ પાદુકા સહિત ઊંચો કર્યો અને સ્વામીજીએ પાથરેલા ખોળામાં પાદુકા પધરાવી દીધી. પછી એ પગ નીચે મૂકીને જમણો પગ ઊંચકીને બીજી પાદુકા પણ તેમના ખોળામાં પધરાવી. પછી ભગવાન નિત્યાનંદ સ્વામીજીની નજીક સામે આવીને ઊભા રહ્યા. આ બનાવનું વર્ણન સ્વામીજી તેમના અત્યંત લોકપ્રિય અને પ્રસિદ્ધ પુસ્તક 'ચિત્શક્તિવિલાસ'માં નીચે મુજબ કરે છે:

''મારી આંખોમાં ફરી એક વાર દૃષ્ટિપાત કર્યો ને બહુ ધ્યાનપૂર્વક જોયું. એમની આંખોના મધ્યબિંદુમાંથી એક જ્યોતિકિરણ મારી અંદર પ્રવેશી રહ્યું હતું. એ કિરણ ઉગ્ર તાપ

જેવું મને સ્પર્શી રહ્યું હતું. અને તેનું તેજ કોઈ મોટા બલ્બના પ્રકાશની જેમ મારી આંખને આંજી નાખતું હતું. જ્યારે આ પ્રમાણે ભગવાન નિત્યાનંદનાં નેત્રોના મધ્યબિંદુમાંથી જ્યોતિકિરણ બહાર પ્રસરીને મારી આંખોમાં પ્રવેશ્યું ત્યારે હું વિસ્મય, આનંદ અને ભયથી રોમાંચ અનુભવી રહ્યો. એ કિરણોનો રંગ નિહાળતો હું ગુરુદેવે દીધેલા મંત્ર 'ગુરુ ૐ'નો જાપ કરી રહ્યો હતો. કિરણ અખંડિત હતું અને એનું તેજ દિવ્ય હતું. ઘડીકમાં એનો રંગ અગ્નિથી તપ્ત સુવર્ણની કાંતિ જેવો લાગતો, ઘડીક કેસર જેવો તો ઘડીક વળી ચમકતા નક્ષત્રથીયે વધુ તેજોમય ઘાટા નીલા રંગનો જણાતો. તેજ તેજના અંબાર સમાં એ કિરણોને મારામાં પ્રવેશતાં જોઈને હું સ્તબ્ધ સ્થિર થઈ ગયો. શરીર સાવ જડવત્ થઈ ગયું. પછી ગુરુદેવે જરા હલનચલન કર્યું અને ફરીથી હુંકારઘોષ કર્યો. છેક ત્યારે મારી જડતા દૂર થઈ અને હું જાણે ભાનમાં આવ્યો. મેં ચાળમાં પધરાવેલી એ પાદુકાઓ પર મસ્તક નમાવ્યું. પછી લાંબા થઈને સાષ્ટાંગ પ્રણામ કર્યા. પ્રણામ કરતાંની સાથે જ હું પરમ આનંદથી ઉલ્લાસિત થઈ ઊઠ્યો.

પ્રેમપૂર્વક ધીરેથી હું બોલ્યો: ''ગુરુદેવ, મારાં તો ભાગ્ય ઊઘડી ગયાં. મને તો પરમ પ્રાપ્તિ થઈ ગઈ. આપ આ પાદુકાઓમાં પૂર્ણ રૂપે વસો અને મને તેમની પૂજા કરવાની રજા આપો. જોકે હું કશી વિધિ જાણતો નથી.'' મારા આટલા બોલવાની સાથે જ તેઓ હૉલના પશ્ચિમ ભાગ તરફ ગયા. થોડાં ફૂલ લાવ્યા. સાથે બે કેળાં, બેત્રણ અગરબત્તી તેમ જ કંકુનું પડીકું પણ હતું. એમણે એ બધું પાદુકાઓ પર ચડાવ્યું. મેં 'ગુરુ

ૐ', 'ગુરુ ૐ'નું રટણ કરવા માંડ્યું. તે વખતે હું બાબાની સાવ પડખે ઊભો હતો. શ્રી ગુરુદેવે બેસી જઈને પોતાની સૂત્રાત્મક ભાષામાં કહ્યું: ''સબ મંત્ર એક. . . સબ ૐ, ૐ નમ: શિવાય, ૐ શિવોऽહમ્, હોના ચાહિયે. 'શિવ, શિવ, શિવોऽહમ્ હોના ચાહિયે. અંતરંગમેં હોના ચાહિયે. બહિરંગ સે અંતરંગ શ્રેષ્ઠ હૈ. . . .'' પછી બાબા ફરી હુંકાર કરીને અંદર જતા રહ્યા. એમનો હુંકાર બધી જાતના સંકેતોનો દ્યોતક હતો. જ્યારે તેઓ હુંકાર કરીને ડોક હલાવીને ઈશારો કરતા ત્યારે જ હું ત્યાંથી પાછો ફરતો, પણ આજે હજુ સુધી એવો ઈશારો કર્યો નહોતો એટલે હું ઊભો જ રહ્યો. ભગવાન નિત્યાનંદ બહાર આવ્યા. હાથમાં એક નીલા રંગની શાલ હતી એ તેમણે મને ઓઢાડી દીધી. મારે માટે એ એક પરમ સદ્ભાગ્યની વાત હતી. આજે તો સવારથી જ એક પછી એક મહાપ્રસાદ મળતા રહ્યા હતા. એ પછી તેઓ એકદમ રસોડા તરફ ગયા. ત્યાં મોનપણણા કાચાં કેળાંનાં ભજિયાં બનાવી રહ્યો હતો. એમાંથી ખોબો ભરીને ભજિયાં લઈ આવી, મને આપી તેમણે પોતાની આંનદમય મુખમુદ્રાથી હુંકાર કરીને મને જવાનો ઈશારો કર્યો.

એ કેટલો સુમંગલ દિવસ હતો ! કેવી પુનિત એ ઘડી હતી ! શ્રી ગુરુદેવે મને પોતાની પાસે બેસાડ્યો. 'ૐ નમ: શિવાય' મંત્ર સંપુટિત કરીને, ૐ દર્શાવીને, શિવોऽહમ્ ઉચ્ચારીને, શિવભાવ ધારણ કરાવ્યો. શિવ પંચાક્ષરી મહાતારક મંત્ર દ્વારા બહિરંગ અનુષ્ઠાનની રીત બતાવીને અંત:કરણમાં 'હું શિવ છું' હું એવા ભાવરૂપી 'શિવોऽહમ્' શબ્દ સુણાવીને અમરનાથનો અમર શબ્દ સંભળાવ્યો. 'સબ ૐ રે' કહીને એકાત્માનો બોધ કરાવ્યો.

થોડા સમય પછી એક દિવસ સવારમાં શ્રી ગુરુદેવનાં દર્શન કરીને હું ઊભો હતો. એમણે હુંકાર કરીને એક ફળ આપ્યું અને કહ્યું:

''જાઓ'' - હું હજી ઊભો જ રહ્યો. ગુરુદેવ ફરી બોલી ઊઠ્યા: ''જાઓ રે. . . તેરી કુટિ ઉધરકી, યેવલા. . . . યેવલા. . . બસ. . . . બસ રે બસ - ઉધર જ્ઞાન-ધ્યાન. . . જાઓ.'' હું ત્યાંથી ચાલ્યો આવ્યો. થોડો દુ:ખી અને ચિંતાતુર પણ હતો. પરંતુ ગુરુઆજ્ઞાપાલનમાં હું બહુ તત્પર હતો. એમાંય હવે તો હું શ્રી ગુરુઆજ્ઞાને પહેલાં કરતાં પણ વિશેષ મહત્ત્વની માનવા લાગ્યો હતો. ગુરુઆજ્ઞાપાલન જ તપ છે, ગુરુઆજ્ઞાપાલન જ જપ છે, ગુરુઆજ્ઞાપાલન સાધના છે, ગુરુઆજ્ઞાપાલન જ પરમ કર્તવ્ય છે. શિષ્યો માટે એનાથી વિશેષ મંગલમય કાર્ય કશું નથી, એની મને ખાતરી થઈ ગઈ હતી. ગુરુસેવા તો મહાપૂજા છે, વિશ્વપૂજા છે, આમ ગુરુઆજ્ઞાપાલનને જ શિષ્યનું શ્રેષ્ઠ કર્તવ્ય સ્વીકારીને બીજે જ દિવસે હું યેવલા ગામ રવાના થયો. અહીં ગુરુદેવ એ સમયે ગાંવદેવીના મંદિરનો જીર્ણોદ્ધાર કરવા રહ્યા હતા. અને ત્રણ નાના ઓરડાઓ પણ બનાવડાવી રહ્યા હતા કે જે અત્યારના 'શ્રી ગુરુદેવ આશ્રમ'ના હૉલની લગોલગ છે.

હું યેવલાના મારા રહેઠાણે પહોંચ્યો. બીજે દિવસે યેવલાથી સૂકી ગામ કે જ્યાં મારી સાધનાકુટિ હતી, ત્યાં સાધના કરવા ચાલ્યો ગયો. . . . ત્યાં પૂર્વ-પશ્ચિમ બંને તરફ પાયરી અને આફૂસના બે આંબાઓ અને એની વચ્ચે મારી ઉત્તરમુખી કુટિ - ત્રણેય મારી પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. મેં ગુરુદેવની પાદુકાઓ ત્યાં

સ્થાપી અને એમણે આપેલું ફળ ખાઈને હું ધ્યાન કરવા બેઠો.

''બીજે દિવસે સવારથી મારી દશા કોણ જાણે કેમ, કંઈક વિચિત્ર થઈ ગઈ. બેચેની મને ઘેરી વળી. મારું અંગેઅંગ દુખવા લાગ્યું. એવું લાગતું હતું કે જાણે કોઈ રૂંવાડે રૂંવાડે સોય ભોંકતું હોય ! એકાએક કોણ જાણે શું થઈ ગયું ! એ મસ્તી, એ આનંદ કોને ખબર ક્યાં લુપ્ત થઈ ગયાં ! મારું અભિમાન, મારો ગર્વ ગળી ગયાં ! હું ફરી પાછો એનો એ દરિદ્રી અને કંગાળ બની ગયો ! મારું મન પશ્ચાત્તાપ કરી રહ્યું હતું. એ મસ્તી ક્યાં જતી રહી ! હાય આ શું થઈ ગયું! પૂર્ણ પ્રફુલ્લ મસ્તીનું અવનવું જગત કોણ જાણે ક્યાં લુપ્ત થઈ ગયું ! અત્યાર સુધી હું કેવો હતો અને હવે કેવો થઈ ગયો ! જેમ કોઈ સુંદર અને જાહોજલાલીભરી નગરી અદૃષ્ટવશ નષ્ટ થઈ જાય અને એનો રાજા એ ખેદાનમેદાન થઈ ગયેલી નગરીને જોઈને જાણે સપનું જોતો હોય એમ અનુભવે એવી જ હાલત સ્વામી મુક્તાનંદની થઈ ગઈ !

''કુટિરની બહાર આવીને હું મારા પ્રિય નિર્વિકાર મિત્ર આમ્રવૃક્ષની નીચે બેસી ગયો. આ કેવું થઈ ગયું ! શું થઈ ગયું. એ જ ચિંતા મને સતાવી રહી હતી. રાતે કેટલાંયે દુઃસ્વપ્ન મેં જોયાં હતાં; ઊઠતાંવેંત જ મને બેચેની ઘેરી વળી. મારી સ્થિરતા ભાંગી પડી. જાનની ચિંતા ઘેરો વિષાદ પેદા કરી રહી હતી. બાબુરાવ પહેલવાન નામનો એક માણસ મારે ત્યાં રાત્રે સૂવા આવતો હતો. એ મારો જૂનો સાથીદાર હતો. તેને મેં પિતાને ઘેર યેવલા જતા રહેવા કહ્યું. એ ચાલ્યો પણ ગયો. આ તરફ મારી મનોદશા વિપરીત બનતી ચાલી. ગણેશપુરીમાં મેં જે મસ્તી પ્રાપ્ત કરી હતી, અદ્‌ભુત આનંદનું મેં જે સામ્રાજ્ય ભોગવ્યું હતું

એ બધું ક્યાં અલોપ થઈ ગયું ! એ જ ચિંતા અંતરમાં વધી રહી હતી અને મનને કોરી ખાતી હતી. અગાઉ જેવી રીતે મસ્તી ચડી હતી તેવી જ રીતે હવે ચિંતા, જાત જાતના તર્કવિતર્કમાં દિવસ વીત્યો. મારું આખું શરીર પીડા અનુભવી રહ્યું હતું. માથાની ગરમી એટલી વધી ગઈ કે ક્રોધ, ભય અને ચિંતાએ બરાબર તોફાન મચાવ્યું. આમ ને આમ સાડા અગિયાર વાગ્યા. જે સ્થળે મારી કુટિર હતી એ જગ્યાના માલિકે ભોજન લાવીને મારી આગળ મૂક્યું. તે વખતે હું ફક્ત બાજરાનો રોટલો ને શાક જ ખાતો, થોડુંક દૂધ પણ લેતો. હું ત્યારે જમવા તો બેઠો; પણ કંઈ ગળે ન ઊતર્યું. પરાણે પરાણે અડધો રોટલો ખાધો અને પાણી પીને ઊભો થઈ ગયો. બહાર આવીને મારા સાધનાસમયના મિત્ર આમ્રવૃક્ષ પર બાંધેલા હીંચકે બેઠો, તોય ચેન પડ્યું નહીં. નજર જ્યાં પડે ત્યાંથી ભયભીત થઈને પાછી વળે, ગુરુદેવથી તો હું બહુ દૂર હતો; આ બાબતમાં પૂછવા પણ હું કોની પાસે જાઉં ? હીંચકેથી ઊઠીને મારા મિત્ર સરખા એ આંબાના ઝાડ પર ચડીને જરા વાર શાંતિથી બેઠો. ઘડી બે ઘડીમાં ફરીથી એ માનસિક પીડા શરૂ થઈ. મનની ચંચળતા વધી ગઈ. મને કહેતાં શરમ આવે છે કે મન કેવી અપવિત્ર ભાવનાથી ભરાઈ ગયેલું ! ખરેખર, આ રીતે અત્યંત અશુચિ, દ્વેષચિંતન, પાપચિંતન કરતાં કરતાં બપોરના ત્રણ વાગ્યા. ફરી એ ખેતરનો માલિક ચા લાવ્યો. હું એ ગરમ ચા પી ગયો. પછી સાધનાકુટિની આસપાસ પૂર્વથી પશ્ચિમ અને પશ્ચિમથી પૂર્વ આંટા મારવા શરૂ કર્યા.

ત્યાર બાદ સ્વામીજીનો યોગનો અભ્યાસ તીવ્ર વેગે આગળ

વધી રહ્યો હતો. એક તો દિવ્ય શક્તિપાત, બીજું મહાસિદ્ધકૃપા અને ત્રીજું પરમાત્મા-પ્રાપ્તિની અદમ્ય અભિલાષા - બધું એકત્રિત થયું હતું. સ્વામીજીની સાધના મહા નદીના પ્રચંડ પૂરના ધસમસતા વેગની જેમ વધતી ગઈ. ત્રિબંધ સ્વામીજીને પોતાની મેળે જ લાગી જતા. આસનમાં બેઠા બેઠા તેમના પગની એડી ગુદામૂળમાં અડી જતી અને એને જોરથી દબાવીને સંકુચિત કરી દેતી. આ પ્રમાણે અપાન વાયુ ઉપર તરફ ખેંચાતો. આ ક્રિયાને મૂલબન્ધ કહે છે. એ પ્રાણ-અપાન વાયુઓને સમ કરે છે, અને વૃદ્ધત્વ, રોગ વગેરેનો નાશ કરે છે. સ્વામીજીને ત્રિબન્ધ લાગે ત્યારે તેઓ પદ્માસન સહિત મંડૂકક્રિયા કરતા. સ્વામીજીને જે કંઈ ક્રિયા થતી તેમાં આનંદ થતો. ક્યારેક સ્વામીજી જમણો અથવા ડાબો પગ લંબાવીને લંબાવેલા પગના અંગૂઠા અને આંગળીઓને બંને હાથે મજબૂત રીતે પકડી લેતા અને માથું બે હાથની વચ્ચે રાખી દેતા. આ ક્રિયાને મહામુદ્રા કહેવાય છે. આ મુદ્રાથી કુંડલિની સંતૃપ્ત થઈને પ્રાણવાયુ સાથે સુષુમ્ણામાં પ્રવેશ કરે છે. એનાથી શરીરની બધી નાડીઓ ક્રિયાશીલ થાય છે અને શરીરની જડતા ચાલી જાય છે. એનાથી વીર્યધારણા પણ થાય છે. શરીર શાંત, જઠરાગ્નિ પ્રબળ, દેહ કાંતિમાન અને ઈંદ્રિયો સંયત થાય છે. એ વૃદ્ધત્વને પણ દૂર હઠાવે છે.

ત્યાર પછી સ્વામીજીને અનેક જાતના પ્રાણાયામ થવા માંડયા અને સિંહભાવ પણ ખૂબ વધી ગયો. એટલા જોરથી સિંહગર્જના કરતા કે થોડે દૂર બાંધેલી ગાયો પણ દોરડું તોડીને ભાગી જતી. તેમને કુંડલિનીની મહાક્રિયાઓનાં દર્શન વારંવાર થતાં. સ્વામીજી તે વખતે રોજ દિવસમાં ત્રણ વખત ધ્યાનમાં બેસતા.

# ૫. ગુરુના સાન્નિધ્યમાં

થોડા વખત પછી ભગવાન નિત્યાનંદે સ્વામીજીને ગણેશપુરી આવીને ત્યાં સ્થાયી થવા માટે સંદેશો મોકલ્યો. પોતાના ગુરુની ઈચ્છાનુસાર સ્વામીજી સને ૧૯૫૬ના અંતમાં કાયમ માટે ગણેશપુરી આવ્યા અને ભગવાન નિત્યાનંદે બંધાવેલા ત્રણ રૂમોમાં રહેવા માંડ્યું.

ભગવાન નિત્યાનંદે સ્વામીજીને ગણેશપુરીમાં કઈ રીતે પ્રસ્થાપિત કર્યા તેની એક રસપૂર્ણ ઘટના છે. સને ૧૯૫૬ દરમિયાન એવી વાત હવામાં ફેલાઈ કે થોડાક સમયમાં ભગવાન નિત્યાનંદ મહાસમાધિ લેનાર છે. કેટલાક ભક્તોએ ભગવાન નિત્યાનંદને આ વાત સાચી છે કે કેમ તે પૂછતાં તેમણે 'હા' કહી. એમના ભક્તો ચિંતાતુર થયા. ભગવાન નિત્યાનંદની સ્મૃતિમાં એક મંદિર બાંધીને તેમાં તેમની મૂર્તિની પ્રતિષ્ઠા કરવાનું તેમણે વિચાર્યું. ભગવાન નિત્યાનંદે તેમાં સંમતિ આપી અને એ ભક્તોને સૂચના આપી કે એ મંદિર સ્વામી મુક્તાનંદ રહે છે તે રૂમોની પાછળ બાંધવું. આ સ્થળ ગાંવદેવીના નામથી ઓળખાતું હતું. ભગવાન નિત્યાનંદના બીજા એક ભક્તસમુદાયે એમની એક સુંદર મૂર્તિ તૈયાર કરાવી. તેઓ ભગવાન નિત્યાનંદ પાસે ગયા ત્યારે એમણે કહ્યું, " આ મૂર્તિને મહાસમાધિ આપો." ભક્તોએ પૂછ્યું: "મૂર્તિને કેવી રીતે મહાસમાધિ આપવી ?" ભગવાને કહ્યું: "એને પાણીમાં ડુબાડી દો." એમની સૂચના મુજબ મૂર્તિને વિધિવત્ ત્યાંની નદીમાં જળસમાધિ આપવામાં આવી.

થોડા દિવસ પછી ભક્તોએ ભગવાન નિત્યાનંદને પૂછ્યું કે ગાંવદેવીમાં જે મંદિર બાંધ્યું છે તેમાં કઈ મૂર્તિની પ્રતિષ્ઠા કરવી ? એમણે ઉત્તર આપ્યો : ''મુક્તાનંદ.'' અને ભગવાન નિત્યાનંદના આદેશ મુજબ તે ભક્તો મંદિરની ઉદ્‌ઘાટનવિધિની તૈયારી કરવા લાગ્યા. તા. ૧૬મી નવેમ્બર, ૧૯૫૬ને રોજ મંદિર માટે બંધાયેલી ઓરડીમાં વૈદિક મંત્રોના ઉચ્ચાર સાથે પૂજાવિધિ કરીને તથા લોકોમાં પ્રસાદ વહેંચીને સ્વામી મુક્તાનંદને પ્રસ્થાપિત કરવામાં આવ્યા. આ રૂમ સ્વામીજીનો નિવાસખંડ બન્યો. ધીમે ધીમે સ્વામીજીની દેખરેખ હેઠળ આ સ્થળનો વિકાસ થવા લાગ્યો. સ્વામી મુક્તાનંદને લોકો હવે 'બાબા'ના હુલામણા નામથી બોલાવવા લાગ્યા. હવે પછી આપણે પણ એમનો ઉલ્લેખ 'બાબા' તરીકે કરીશું.

## ૬. ગુરુ અને શિષ્ય

બાબાની સાધના સંપૂર્ણ થઈ હતી છતાં તેઓ તેનો દેખાવ કરતા નહીં, અને ભગવાન નિત્યાનંદના એક સીધાસાદા સામાન્ય શિષ્યની પેઠે વર્તતા. ગુરુ-શિષ્ય વચ્ચે કેવો સંબંધ હોઈ શકે તે બાબા આ સમયે ભગવાન નિત્યાનંદ સાથે કેવી રીતે રહેતા હતા તે ઉપરથી માલૂમ પડે છે. જેઓને આ બેની વચ્ચેનો સંબંધ અને વહેવાર જોવા મળ્યો છે તેમને માટે એ અનુપમ લહાવો છે. બાબા ઋગ્વેદના કેટલાક જાણીતા શ્લોકોનું હંમેશાં પુનરુચ્ચારણ કરતા: ''જે અનુશાસન પાળે છે, તે જ શાસન કરી શકે છે.'' બાબા આનો અર્થ ભક્તો સમક્ષ એ રીતે કરી બતાવતા કે જે

સુપાત્ર શિષ્ય થવાનું શીખ્યો નથી તે કદી સાચો ગુરુ બની શકતો નથી. બાબા તેનું દૃષ્ટાંત આપે છે. ભગવાન નિત્યાનંદે એક વખત એમને કહ્યું, '' આ કેરી તું ખાતો નહીં.'' બાબાએ તે કેરી તો નહીં જ ખાધી, ઉપરાંત બાર વરસ બાદ ભગવાન નિત્યાંનદે સ્વયં એમને કેરી ખાવા આપી તે પર્યંત બાબાએ કદી કેરી ખાધી નહીં. ગુરુના આદેશનું અક્ષરશઃ પાલન કરવા અંગેનું આ દૃષ્ટાંત છે.

આમ ગુરુ અને શિષ્ય બંને બાહ્ય દૃષ્ટિએ ભિન્ન લાગતા, પરંતુ ઘણી વખત નાજુક બાબતોમાં તેમનાં વાણી અને વર્તન એક જ હોય એવો અનુભવ થતો. ઘણી વખત તેઓ બંને એક જ વિષય પર એક જ જાતની વાતચીત કરતા જણાતા. એક જ જાતના ઉપદેશ આપતા જણાતા. તેઓ બંને વચ્ચે એક અદ્ભુત સમજ હતી અને એક અદૃશ્ય બંધન હતું. તેઓ બંને પોતપોતાની રીતે ગણેશપુરીમાં એકસાથે એક ભવ્ય દૈવી મિશનની પ્રાપ્તિ માટે કામ કરતા. કેટલાંક વરસો પછી લોકો એમને 'બડે બાબા' અને 'છોટે બાબા'ના નામે ઓળખતા થયા. બાબાની દૈવી પ્રાપ્તિ, અખૂટ શક્તિ, ઊંડું જ્ઞાન અને મનુષ્યસ્વભાવની પરખને કારણે ભગવાન નિત્યાનંદનો સંદેશ આધુનિક વિશ્વમાં પ્રસરાવવા માટે તેઓ એક સંપૂર્ણ શિષ્ય હતા.

નિત્યાનંદ બાબાએ લોકોને દર્શન આપવાનું ધીમે ધીમે ઓછું કર્યું. કલાકોની પ્રતીક્ષા પછી ભગવાનનાં દર્શન ન થઈ શકવાથી નિરાશ થયેલા ભક્તો બાબા પાસે આવતા. બાબા પોતાના સુંદર શબ્દોમાં ભગવાન નિત્યાનંદનો સંદેશો આપી ભક્તોને પ્રસન્ન કરતા.

જૂન ૧૯૬૧માં ભગવાન માંદા પડ્યા. બધાને લાગ્યું કે એમનો અંત નજીક છે. બાબાના શયનખંડની બહાર ટાંગેલો ભગવાન નિત્યાનંદનો ફ્રેમમાં મઢેલો ફોટો તા. ૧લી ઑગસ્ટ, ૧૯૬૧ના રોજ જમીન ઉપર તૂટીને પડી ગયો. બાબાએ કહ્યું: ''ગુરુદેવ હવે જલદી દેહ છોડી જશે તેની આ નિશાની છે.'' તે દિવસથી બાબા રોજ પોતાના ગુરુ પાસે જતા અને કલાકો સુધી બેસતા. એક દિવસ ભગવાને બાબાને પોતાની નજીક બેસાડ્યા અને તેમના શિર પર પોતાના હાથની આંગળી થપથપાવી, પછી એમણે પોતાનો હાથ એમના મોંમાં મૂક્યો અને કહ્યું: ''તું દૂર પરદેશ જશે. દુનિયા તરફથી તને અદ્દ્ભુત માન પ્રાપ્ત થશે અને તું કહેશે તે ધ્યાનથી સાંભળશે.'' બે દિવસ પછી ભગવાન નિત્યાનંદે મહાસમાધિ લીધી.

# ૭. ગણેશપુરી આશ્રમનો વિકાસ

ભગવાન નિત્યાનંદની મહાસમાધિ પછી ગાંવદેવી આશ્રમને બાબાએ જાહેર ટ્રસ્ટમાં ફેરવી નાખ્યો અને તેનું નામ 'શ્રી ગુરુદેવ આશ્રમ' રાખ્યું. એમણે આશ્રમના ધ્યેયને અનુકૂળ આશ્રમનું પ્રતીક (Emblem) બનાવ્યું. એમણે પોતાના ગુરુદેવનું મિશન - ધ્યેયકાર્ય આગળ વધારવાનો નિર્ણય કર્યો. વધારાની પંદર એકર જમીન મેળવીને આશ્રમને વિસ્તૃત કર્યો. બાબાના ભક્તોએ ત્યાં નિવાસ માટે પોતાનાં મકાનો બાંધ્યાં. બાબાની ઓરડીની પાછળ આજુબાજુ એક વરંડો બાંધવામાં આવ્યો જ્યાં ભક્તો બેસીને ધ્યાન કરી શકે. થોડા વખત પછી સૂર્યમંદિર બાંધવામાં

આવ્યું. તેમાં એક ધ્યાનખંડ અને મુલાકાતી ભક્તો માટે આવાસ બાંધવામાં આવ્યા. બાબા સૂર્યમંદિરના મોટા હૉલમાં દિવસ દરમિયાન બેસતા. મુલાકાતીઓ-ભક્તો એમની આસપાસ બેસતા. કોઈક વાર પ્રશ્નોના ઉત્તરો આપતા, કોઈક વાર રસપ્રદ મુદ્દા ઉપર પ્રવચન કરતા. તેઓ વારંવાર આશ્રમના ભાવિ વિશે વાત કરતા અને જણાવતા કે આશ્રમનો ઘણો વિકાસ થવાનો છે. અને રોજ સેંકડો માણસો તેની મુલાકાત લેશે. તેઓ પોતે વખતોવખત પરદેશ જશે અને પરદેશના અનેક સાધકો ગણેશપુરી આવશે. તેઓ કહેતા કે સાધકો શક્તિપાત મેળવશે એટલું જ નહીં પરંતુ આપી પણ શકશે. તેઓ કહેતા કે લક્ષ્મીદેવી અને સરસ્વતીદેવી આ આશ્રમમાં વાસ કરશે અને આશ્રમને સુંદર અને સમૃદ્ધ બનાવશે. એ વિદ્યા અને જ્ઞાનની પીઠ બનશે. તેઓ કહેતા કે આશ્રમનું એક નાનું રાજ્ય હશે અને તેમાં હાથી પણ હશે, ધ્યાનયોગનો સમગ્ર વિશ્વમાં પ્રચાર થશે. આશ્રમવાસીઓને બાબાના આવા શબ્દોથી નવાઈ થતી, કેમ કે આવું કાંઈક બનશે એવાં કોઈ ચિહ્નો તે વખતે નહોતાં.

બાબાએ એક દિવસ અમ્મા(સ્વામી પ્રજ્ઞાનંદ)ને કહ્યું કે અહીં આવનાર ભક્તોને અહીં શું ચાલી રહ્યું છે અને મારો સંદેશ શું છે તેની ખબર પડવી જોઈએ. અમ્માએ કહ્યું કે આશ્રમ તરફથી એક પત્રિકા પ્રગટ કરવામાં આવે તો એ શક્ય બને. બાબાએ તરત સંમતિ આપી અને સને ૧૯૬૪માં આશ્રમ તરફથી એક વાર્ષિક પત્ર 'ગુરુદેવવાણી' પ્રસિદ્ધ કરવામાં આવ્યું. વર્ષો સુધી આશ્રમનું એ મુખપત્ર રહ્યું, જેમાં સિદ્ધિયોગની સમજ આપતા લેખો, આશ્રમની વખતોવખતની પ્રવૃત્તિ અને પ્રગતિનો

અહેવાલ આપવામાં આવતો.

આશ્રમમાં બાબાનાં દર્શને આવનાર અનુયાયીઓની સંખ્યા ધીરે ધીરે વધવા લાગી. બાબાએ આશ્રમમાં એક મોટું રસોડું અને ભોજનખંડ બનાવ્યાં અને તેનું નામ 'અન્નપૂર્ણા' આપવામાં આવ્યું. સને ૧૯૭૦થી આશ્રમની પ્રગતિ અને વૃદ્ધિ અત્યંત ઝડપી બનવા લાગી. આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓની જવાબદારી બાબાએ જુદા જુદા ભક્તોને સોંપવા માંડી.

# ૮. સ્વામી મુક્તાનંદની પ્રથમ વિશ્વયાત્રા

ભગવાન નિત્યાનંદ પાસે કેટલાક વિદેશીઓ આવતા હતા. એમની મહાસમાધિ પછી વિદેશીઓ બાબા પાસે આવતા. કેટલાકે બાબા સાથે આશ્રમમાં રહેવા માંડ્યું હતું. તેમની સંખ્યા ધીમે ધીમે વધવા લાગી. તેમણે બાબાને પોતાને દેશ આવવા અને તેમના ઉપદેશનો પ્રચાર કરવા વિનંતી કરી. તેઓ જણાવતા કે પશ્ચિમના દેશોમાં સાચા ગુરુઓનો અભાવ છે. પશ્ચિમના દેશોમાં આધ્યાત્મિક ભૂખ ઊઘડતી જાય છે. એ ભૂખ સંતોષી શકે એવા સંતોની તે દેશોમાં જરૂર છે. ઑગસ્ટ ૧૯૭૦માં બાબાએ પોતાની વિશ્વયાત્રાની જાહેરાત કરી. આ એ જ ઑગસ્ટ મહિનો હતો કે બાબાને જ્યારે ભગવાન નિત્યાનંદ પાસે દિવ્ય દીક્ષાનો પ્રસાદ મળ્યો હતો.

બાબાએ પોતાની વિદેશયાત્રા ફક્ત ચાર અનુયાયીઓ સાથે શરૂ કરી. સાડા ત્રણ માસની યાત્રામાં તેઓ યુરોપ, અમેરિકા અને ઑસ્ટ્રેલિયા ઘૂમ્યા. આ સફર દરમિયાન બાબા અનેક

ભક્તોના સંપર્કમાં આવ્યા અને તેમના જીવનને સ્પર્શ કર્યો. બાબાનો ઉપદેશ સીધો અને સરળ હતો. તેઓ કહેતા: ''તમારી પાસે દુનિયાની તમામ સુખસાહેબીની વસ્તુઓ છે. તમે દરેક વસ્તુ પ્રાપ્ત કરી છે. તમારી પાસે ઐહિક સમૃદ્ધિ છે, પરંતુ સંતોષ અને શાંતિ નથી. તમે ગમે તેટલી દોલત કમાઓ, પરંતુ જ્યાં સુધી તમારી અંદર જે ઈશ્વર વસેલો છે તેને જોશો નહીં, તેને પ્રાપ્ત કરશો નહીં ત્યાં સુધી તમારી ઐહિક દોલતની કોઈ કિંમત નથી. તમે ડૉક્ટર, એન્જિનિયર, ઉદ્યોગપતિ કે ગમે તે હશો, ગમે એટલા શ્રીમંત હશો, પરંતુ તમારી સિદ્ધિ અને સાચી ઓળખ તમારા અંતરની જાગૃતિ દ્વારા જ મેળવી શકશો અને તમારા અંતરની જાગૃતિ માટે ધ્યાન જ એકમાત્ર ઈલાજ છે.

''ધ્યાન એ કોઈ ધર્મ નથી. તે કોઈ એક દેશ કે પંથનો સંપ્રદાય નથી. તે અંતરની શાંતિ માટે એક ઉપાય છે. તે દરેકને માટે છે. ઈશ્વર દરેકનો છે અને દરેકને માટે સરખો છે. તે તમારામાં જ છે; તમે જ ઈશ્વર છો.''

બાબા જ્યાં જ્યાં પ્રવચન કરતા ત્યાંની ભાષા તેઓ જાણતા નહીં અને ઘણી વાર બાબાના ઉપદેશનું ભાષાંતર કરનાર કોઈ હોતું નહીં. બાબા કોઈ વિદેશી ભાષા જાણતા નહોતા, છતાં તેમનો ઉપદેશ પ્રેમ અને ભાવથી તેમને સાંભળનાર પ્રત્યેક માનવી સમજતો હોય તેવું લાગતું. ખરી રીતે બાબાની હાજરી જ એટલી પ્રભાવશાળી અને ચેતનવંતી હતી, એમનું આકર્ષણ એટલું ભારે હતું કે એમને કોઈ ઠેકાણે બોલવાની જરૂર નહોતી. એમની હાજરી જ ધાર્યું વાતાવરણ ઊભું કરી શકતી અને મોટા સમુદાય પર અસર કરતી. બાબાની ભાષા આત્માની ભાષા

હતી, બાબાનો અવાજ એમના અંતરનો અવાજ હતો. જેમણે આંતરિક અવાજ - સ્પંદનો ઝીલવાની તૈયારી કરી છે તેઓ બાબા સાથે એકતાર થઈ બાબાને સમજી શકે છે. બાબા દેશ, ભાષા, ધર્મ, જાતિની સીમાઓથી પર હતા.

અત્યાર સુધી વિદેશીઓ સમજતા કે ગુરુ તે છે જે ચમત્કાર કરી શકે છે; ભૂત-ભવિષ્ય-વર્તમાન કહી શકે છે; બીજાના મનમાં શું વિચારો ચાલે છે તે કહી શકે છે અને જાદુ કરીને ઇચ્છિત વસ્તુ નજર સમક્ષ લાવી શકે છે. હવે તેમને ખાતરી થઈ કે આવું બધું કરનારો સાચો ગુરુ નથી, પરંતુ સાચો ગુરુ તો તે છે કે તમારામાં આમૂલ 'પરિવર્તન કરી તમને નવું જીવન બક્ષે છે અને તમને નવી દિશા સુઝાડે છે. જે તમારાં દુઃખ-દર્દ મિટાવી શકે છે, જે સાચું સુખ શું છે અને સાચો આનંદ શું છે તેનો અનુભવ કરાવી શકે છે. સાચો આનંદ તો તે જ છે જે દરેક સંજોગોથી પર છે, ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ જે સ્ખલિત થતો નથી.

પ્રથમ વિશ્વયાત્રામાં બાબાએ ઑસ્ટ્રેલિયા અને અમેરિકાનાં અનેક મોટાં શહેરોની મુલાકાત લીધી, ત્યાં પ્રવચનો કર્યાં. તેમની મુલાકાતની અસર એટલી પ્રચંડ હતી કે તેમના હૉલ છોડી ગયા બાદ પણ લોકો વિખેરાતા નહીં અને લાંબા સમય સુધી ધૂન ગાવાનું ચાલુ રાખતા. સ્ટેન્ફોર્ડ યુનિવર્સિટીમાં બાબાના પ્રવચન પછી ધૂને એટલું જોરદાર સ્વરૂપ પકડ્યું કે પ્રવચનના શ્રોતા લગભગ એક હજાર વિદ્યાર્થીઓ અને પ્રોફેસરો ઊભા થઈ નાચવા લાગ્યા. આ યુનિવર્સિટી રૂઢિચુસ્ત ગણાય છે. આવું વાતાવરણ આ પૂર્વે ત્યાં કદી સર્જાયું નહોતું. અમેરિકાની એક

મોટી પુસ્તક પ્રકાશન સંસ્થાએ બાબાનું પુસ્તક 'ચિત્‌શક્તિવિલાસ' અમેરિકામાં 'ગુરુ' શીર્ષક હેઠળ પ્રસિદ્ધ કરવાનો કરાર કર્યો. બાબાની પ્રથમ વિશ્વયાત્રાની આ એક મોટી સિદ્ધિ હતી. આ પુસ્તક વાંચીને હજારો અમેરિકનો બાબાને મળવા ગણેશપુરી આવ્યા.

બાબા પ્રથમ વિશ્વયાત્રા પૂરી કરીને ગણેશપુરી આવ્યા, આ વખતે બાબાએ એક મહત્ત્વનું કાર્ય કર્યું. આશ્રમના પ્રવેશદ્વાર આગળના સ્વાધ્યાય ખંડની ઉપર ૭૦ ફૂટ ઊંચો ઘૂમટ બનાવવામાં આવ્યો. સ્વાધ્યાય મંદિરની અંદરની રચના બાબાએ પોતે આયોજી હતી. ભગવાન નિત્યાનંદને આ સ્થાનમાં પ્રસ્થાપિત કરવામાં આવ્યા. આ પ્રસંગે પાંચ દિવસના યજ્ઞનું આયોજન થયું. હજારો ભક્તો ભેગા થયા, બૅન્ડવાજાં વાગ્યાં, લોકો આનંદથી નાચ્યા-કૂદ્યા અને ભજનો ગવાયાં. દિવસો સુધી મીઠાઈ વહેંચાઈ, દ્વારકાપીઠના જગદ્‌ગુરુ શંકરાચાર્યે આ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું. અગાઉ આપણે વિગતો જોઈ છે તે પ્રમાણે ભગવાન નિત્યાનંદે ગાંવદેવીમાં પોતાને માટે નિર્મિત સ્થાન ઉપર સ્વામી મુક્તાનંદને સ્થાપિત કર્યા હતા. સ્વામી મુક્તાનંદે ભગવાન નિત્યાનંદને આશ્રમના મંદિરમાં પ્રસ્થાપિત કર્યા.

આ સમય દરમિયાન ગણેશપુરી આશ્રમનો ઘણો વિકાસ થયો. ગણેશપુરી એક નાનું નગર બની ગયું, હજારો ભક્તોની અવરજવર થવા લાગી. આધુનિક ભારતના મહાન સંતો - આનંદમયી મા, રણછોડદાસ મહારાજ, રંગ અવધૂત, ગુલવાણી મહારાજ, તુકડોજી મહારાજ, પોત્રીજી મહારાજ, બુદ્ધદેવ, વગેરેએ આશ્રમની મુલાકાત લીધી અને બાબાના અતિથિ તરીકે

રહ્યા. શ્રી રમણ મહર્ષિના આશ્રમમાંથી પણ ફિરોજા, તાલ્યારખાન, આર્થર અને વેંકટરામન ગણેશપુરી આવ્યા. દેશના ખૂણેખૂણેથી કવિઓ, કલાકારો, સંગીતકારો, ભજનિકો ગણેશપુરી આવવા લાગ્યા. આ રીતે આશ્રમ અનેક સંતોનાં પુનિત પગલાંઓથી અંકિત થવા લાગ્યો અને મહાન કલાકારોની કલાથી ગુંજવા લાગ્યો.

આજે આશ્રમ એટલો સમૃદ્ધ છે કે ત્યાં હજારો લોકોને ભોજન મળે છે, કપડાં મળે છે, રહેવાનાં ઘર મળે છે, શિક્ષણ તથા આધ્યાત્મિક રાહ મળે છે, દવા મળે છે. તે ફક્ત આશ્રમવાસી કે તેના મુલાકાતીઓ માટે જ નહીં, પરંતુ આજુબાજુની હજારો ગરીબ, કચડાયેલી, ભૂખી આદિવાસી પ્રજાને પણ પ્રાપ્ત થયું છે. હરિગિરિબાબાએ બાબાને કહ્યું હતું કે, ''તારું એક રાજ્ય થશે અને તું મહારાજા બનશે'' એ ભવિષ્યવાણી સાચી પડી.

## ૯. સ્વામીજીની બીજી વિશ્વયાત્રાઓ

પ્રથમ વિશ્વયાત્રાથી બાબાને પશ્ચિમના લોકોની આધ્યાત્મિક ભૂખની પ્રતીતિ થઈ. તેઓ પ્રામાણિકતાથી સત્ય શોધવા માગતા હતા તેની બાબાને ખાતરી થઈ. બાબાની પહેલી વિશ્વયાત્રા બાદ પરદેશના વધુ અને વધુ સાધકો ગણેશપુરી આવવા લાગ્યા. તેમની ઇચ્છા બાબાનો ઉપદેશ સમજવાની હતી. તેઓ પશ્ચિમના વધુ અને વધુ લોકો બાબાના સંદેશનો લાભ લે એ ઇચ્છાથી બાબાને આમંત્રણ આપવા લાગ્યા. સમય આવ્યો ત્યારે બાબાએ એ આમંત્રણો સ્વીકાર્યાં. તા. ૨૬ ફેબ્રુઆરી, ૧૯૭૪ના

રોજ બાબાએ બીજી વિશ્વયાત્રા માટે પ્રયાણ કર્યું.

પહેલો દેશ હતો ઑસ્ટ્રેલિયા. અહીં બાબાને હાર્દિક અને ઉષ્માભર્યો આવકાર મળ્યો. ઑસ્ટ્રેલિયાથી બાબા અમેરિકા ગયા. બાબાનું નામ અમેરિકામાં અત્યંત જાણીતું થવા લાગ્યું. અને બધાં સ્થળે એમને ભારે માન મળવા લાગ્યું. ન્યૂ યૉર્કના ચર્ચ તરફથી તેમને આધ્યાત્મિક અને માનવઉત્કર્ષના કાર્ય માટે 'બાલ-શેમ-તોવ' ઍવૉર્ડ આપવામાં આવ્યો. એટલાન્ટા - જ્યોર્જિયાના મેયરે બાબાને 'સર્ટિફિકેટ ઑફ સિટિઝન' આપ્યું અને માયામી-ફ્લોરીડાના મેયરે બાબાને 'સ્ક્રોલ ઑફ ફ્રેન્ડશિપ' અર્પણ કર્યું. ન્યૂ યૉર્કના નેશનલ બ્લેક થિયેટરે બાબાનું અતિ ઉષ્માભર્યું સ્વાગત કર્યું.

બાબાની ખ્યાતિ પ્રસરતાં અમેરિકાના અગ્રગણ્ય વૈજ્ઞાનિકો, માનસશાસ્ત્રીઓ, ઉદ્યોગપતિઓ અને ઘણી મહાન વિભૂતિઓ તેમની પાસે આવવા લાગી અને તેમની સાથે વિશ્વવ્યાપ્ત ચૈતન્ય, આધ્યાત્મિકતા, ધ્યાન અને સ્વ વિશે વાર્તાલાપ કરવા લાગી. મનુષ્યને જીવનમાં કઈ રીતે શાંતિ મળે તે અંગે તેઓ ચર્ચા કરતા. આવા મહાનુભાવોમાં વૈજ્ઞાનિકો જૉન લીલી, ડૉ. હેરલ્ડ પુરચોફ, માનસશાસ્ત્રી રોલોમે, નાટ્યકાર નીલ સાયમન અને એની પ્રખ્યાત અભિનેત્રી માર્શા મેસન તથા જાણીતા ગાયકો જૉન ડેનવર, આર્લો ગુપરી, જેમ્સ ટેલર અને કાર્લી સાયમન, લેખક અને સંશોધક જેક્સ વેલે, બે અમેરિકન અવકાશયાત્રીઓ એડગર મિચેલ અને વૉલ્ટર કનિંગહામ, પ્રસિદ્ધ લેખક કાર્લોસ કાસ્ટેનેડા, તિબેટના ઉપદેશક યોગ્યાલ વૃન્ગવા રીમ્પોચ, કવિ એલન જીંઝબર્ગ, જર્મન પંડિત રામા

ગોવિંદા, એસ્ટના સ્થાપક વેરનેર એરહાર્ડ, યોગશિક્ષક રોય હ્યુજીન ડેવિસ, રાજ્યના ગવર્નરો, જેરી બ્રાઉન ઑફ કેલિફોર્નિયા અને હવાઈના જોન બર્ન્સ મુખ્ય હતાં.

૧૯૭૫ના મે માસમાં બાબાની વર્ષગાંઠના દિને સિદ્ધયોગ ધામ એસોસિયેશન (SYDA) નામની એક મોટી સંસ્થાની અમેરિકા ખાતે સ્થાપના થઈ, જેનો ઉદ્દેશ બાબાના ઉપદેશોનો પ્રચાર કરવાનો હતો.

૧૯૭૫ના જુલાઈ માસમાં બાબાને એકાએક સખત માંદગી આવી. તેમને હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા. કેટલાક દિવસો સુધી તેઓ જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાતા રહ્યા. એમના બચવા વિશે ડૉક્ટરો અનિશ્ચિત હતા, પરંતુ તેમને પોતાને સંપૂર્ણ વિશ્વાસ હતો. એ પરિસ્થિતિનું વર્ણન બાબા આ શબ્દોમાં કરે છે: ''હું જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતો હતો. મારા ઉપર અવારનવાર પક્ષાઘાતના હુમલા થતા હતા. કેટલીક વાર મારી નાડી ધબકતી બંધ થઈ જતી હતી. ડૉક્ટરો ગભરાઈ જતા. તેમને આશ્ચર્ય થતું કે આ માણસ કઈ રીતે જીવે છે! હું મારા ગુરુનું સ્મરણ કરી ધ્યાનમાં ડૂબી જતો. પક્ષાઘાતના હુમલાથી મને અસહ્ય વેદના થતી, પરંતુ હું મારા આત્માથી દેહને અલગ કરીને કોઈ એક મુલાકાતી દર્દીને જુએ તેમ મારા દર્દને જોતો અને મને કોઈ પીડા થતી નહીં. હું આનંદમાં રહેતો. આ જ જીવનનું રહસ્ય છે. આપણા શરીર પ્રત્યે અને આજુબાજુ તમામ સાથે આપણે સાક્ષીભાવ કેળવવાનો છે. એ ભાવ આવે ત્યારે સાધનામાં પ્રાપ્તિ કરી છે તેવું માનવું. આપણું કાંઈક અસ્તિત્વ છે તે મિથ્યા છે. પરંતુ જે ચેતનાશક્તિનો વિલાસ ચાલી રહ્યો છે

તેમાં આપણે એક અભિનેતા છીએ અને આપણે જે ભાગ ભજવવાનો છે તે એક સાક્ષી તરીકે ભજવવાનો છે.''

માર્ચ ૧૯૭૬માં બાબાની વિશ્વયાત્રાનો છેલ્લો તબક્કો શરૂ થયો. બાબાએ એમની આ યાત્રાના છેલ્લા છ માસ ડીવીલના સિદ્ધયોગધામમાં પસાર કર્યા. આ સ્થાન ન્યૂ યોર્કની ઉત્તરે કેસ્કેલ પર્વત ઉપર વિહારધામ ઉપર આવેલું છે. બાબાની બીજી વિશ્વયાત્રાનું આ ચરમસીમા બિંદુ હતું. સંખ્યાબંધ મહાનુભાવો, ભારતીય ભક્તો અને સંન્યાસીઓ બાબાને વિદાય આપવા માટે ડીવીલ આશ્રમ આવી પહોંચ્યા. ડીવીલ આશ્રમ ઑકલેન્ડ આશ્રમ કરતાં ઘણો મોટો હતો, પરંતુ થોડા સમયમાં જ તે નાનો પડવા લાગ્યો. બાબાની છેલ્લી શિબિરમાં એક હજાર માણસોએ ભાગ લીધો. જેમનો ધ્યાનખંડમાં સમાવેશ થઈ શક્યો નહીં તેમણે ખંડની બહાર અન્નપૂર્ણામાં ગોઠવેલ ટેલિવિઝન વ્યવસ્થા દ્વારા કાર્યક્રમ નિહાળ્યો.

બાબાની બીજી વિશ્વયાત્રા દરમિયાન અમેરિકામાં ત્રણ મોટા આશ્રમો સ્થાપવામાં આવ્યા. પશ્ચિમમાં સાન્ફ્રાન્સિસ્કો-ઑકલેન્ડમાં, ઉત્તરમાં ઍન્ડ આર્થરમાં અને પૂર્વમાં ન્યૂ યોર્કમાં. બાબાનાં પુસ્તકો ઘણી યુનિવર્સિટીઓની યોગ સંસ્થાઓમાં પાઠ્યપુસ્તકો તરીકે જાહેર કરવામાં આવ્યાં. સંખ્યાબંધ યુનિવર્સિટીઓ તથા સંસ્થાઓએ સિદ્ધયોગ-કોર્સ એક વિષય તરીકે દાખલ કર્યો.

ગણેશપુરી શબ્દ અમેરિકામાં એક મંત્ર બની ગયો. લોકોને ગણેશપુરી આવવાની તીવ્ર ઇચ્છા ઊભી થઈ. સંખ્યાબંધ માણસો બાબાને ગણેશપુરી આવવા માટે પૂછતા. આથી આવા

જિજ્ઞાસુઓને સંતોષવા માટે ભારત આવવા માટે એક જમ્બોજેટ વિમાન ચાર્ટર કરવાની બાબાને ફરજ પડી.

આ યાત્રાના આખરી દિવસો દરમિયાન એક હૃદયસ્પર્શી ઘટના બની. સાઉથ ફોલ્સબર્ગથી ત્રીસ જેટલા મહાનુભાવોએ બાબાના આશ્રમમાં આવીને બાબા સમક્ષ એક આવેદનપત્ર રજૂ કર્યું, જેમાં એમણે જણાવ્યું કે બાબાની વિદાયથી આ શહેરમાં એક દુઃખદ અવકાશ ઊભો થશે, માટે એમણે સાઉથ ફોલ્સબર્ગમાં આવી કાયમી નિવાસ કરવો. આ શહેરની બાબાએ લીધેલી મુલાકાત બદલ તથા બાબાએ પોતાની સાહિત્ય અને આધ્યાત્મિક સમજનો જે લાભ લોકોને આપ્યો તે બદલ એમણે બાબા પ્રતિ આભાર વ્યક્ત કર્યો. બાબાની વિદાય નિમિત્તે ડીવીલમાં મોટા પાયા ઉપર બે દિવસનો ઉત્સવ યોજાયો. અમેરિકાના દૂર દૂરના પ્રદેશોમાંથી સંખ્યાબંધ માનવીઓ આ ઉત્સવમાં સામેલ થયા. અમેરિકા ખાતે બાબાએ કરેલી પ્રવૃત્તિની પ્રશસ્તિ કરવામાં આવી.

હજારો અમેરિકન ભક્તો કૅનેડી ઍરપોર્ટ ઉપર બાબાને વિદાય આપવા આવ્યા. તેમની આંખોમાંથી આંસુ નીકળતાં હતાં. નીરવ શાંતિ હતી. કોઈ બોલતું, ચાલતું કે હાલતું નહોતું. હૃદય ભરાઈ ગયાં હતાં. મન ખાલી થઈ ગયું હતું. આંખો અશ્રુથી ઊભરાતી હતી. શું કરવું તેની કોઈને સમજ પડતી નહોતી. એટલામાં કોઈએ 'ૐ નમઃ શિવાય'ની ધૂન શરૂ કરી અને સૌએ તે ઝીલવા માંડી. કૅનેડી હવાઈઅડ્ડો મધુર અને દિવ્ય સંગીતથી ગુંજવા માંડ્યો.

બાબાનું વિમાન ઊપડ્યું. ધૂન ચાલુ રહી. બાબાનું વિમાન

દૂર ક્ષિતિજમાં અદશ્ય થઈ ગયું પરંતુ ધૂનના પડઘા પડતા રહ્યા. પાછળ એક અનંત અને દૈવી સુગંધ ફેલાઈ હોય અને પ્રત્યેક જન એનો પ્રત્યક્ષ અનુભવ કરી રહ્યા હોય તેવું સૌને લાગ્યું.

અમેરિકાથી નીકળી બાબાએ છ અઠવાડિયાંની ઈંગ્લેન્ડ, જર્મની, સ્વિટ્ઝર્લૅન્ડ અને ફ્રાન્સની યાત્રા આરંભી. દરેક ઠેકાણે શિબિરો યોજી. શિબિરના ખંડો શિબિરાર્થીઓથી ઊભરાઈ ગયા. દરેક સ્થળે શિબિરાર્થીઓને સમાવવા જગ્યા વિસ્તારવી પડી તથા શિબિરાર્થીઓની નોંધણી બંધ કરવી પડી. લંડનમાં બી.બી.સી.એ બાબા વિશે ૩૦ મિનિટની દસ્તાવેજી ફિલ્મ ઉતારી અને સમગ્ર ઈંગ્લૅન્ડમાં પ્રદર્શિત કરી. ઈંગ્લૅન્ડનાં દેવળોના પ્રતિનિધિ સ્કીનીડર તેમના દેશ તરફથી બાબાનું સ્વાગત કરવા આવ્યા. જ્યાં જ્યાં બાબા ઊતરતા ત્યાં ત્યાં સ્થાનિક મહાનુભાવો તેમનું સ્વાગત કરવા આવતા. મહર્ષિ મહેશ યોગીના આમંત્રણથી બાબાએ તેમના ટ્રાન્સમૅડિટેશન મથકની મુલાકાત લીધી. મહર્ષિએ બાબાનું પ્રાચીન વિધિસર વેદના મંત્રો સહિત અદ્‌ભુત સ્વાગત કર્યું. યુરોપમાં અનેક ઠેકાણે આશ્રમો અને કેન્દ્રો સ્થાપવામાં આવ્યાં. આજે પરદેશમાં બાબાના અનેક મોટા આશ્રમો તથા ૩૦૦ જેટલાં ધ્યાનકેન્દ્રો છે, જ્યાંથી ભગવાન નિત્યાનંદનો તથા બાબાનો સંદેશો પ્રસારિત કરવામાં આવે છે. બાબાએ પશ્ચિમમાં સિદ્ધયોગનો પ્રચાર કર્યો છે, પશ્ચિમના દેશોની આધ્યાત્મિક ભૂખ ઉઘાડી છે - સંતોષી છે. જેઓ બાબાના સંપર્કમાં આવ્યા એમણે પોતાના જીવનમાં પરિવર્તન અનુભવ્યું છે. જેઓ પોતાની સમસ્યાઓ માટે ડૉક્ટરો, હૉસ્પિટલો અને માનસશાસ્ત્રીઓની પાછળ ભમતા હતા, તેમની

સમસ્યાઓનું નિરાકરણ થયું છે. તેમને પોતાના જીવનમાં નવી દિશા અને નવો અર્થ પ્રાપ્ત થયાં છે. એક ભક્તે સાચું જ કહ્યું છે કે, ''બાબાના સંદેશથી એક સીધો તાત્કાલિક લાભ એ થયો છે કે અમને એક દિશા મળી છે, અમે કોણ છીએ તેની સમજ મળી છે. અમે કોણ છીએ તેનો આનંદ પામવાની અમને શક્તિ મળી છે. આશ્રમમાં રહેવું કઠણ છે, પરંતુ જીવનના કોઈ પણ તબક્કામાં જેટલા સમયમાં મનુષ્ય જે પ્રગતિ કરે છે તેના કરતાં અનેક ગણી પ્રગતિ આશ્રમમાં રહેવાથી થોડાક જ દિવસોમાં થાય છે.

બીજી વિશ્વયાત્રાએથી પાછા ફર્યા બાદ બાબા લગભગ એક વર્ષ ભારતમાં રહ્યા. ૧૮ ઑગસ્ટ, ૧૯૭૮ના રોજ તેમની ત્રીજી વિશ્વયાત્રાનો આરંભ થયો. ત્રીજી વિશ્વયાત્રા એ બીજી વિશ્વયાત્રાનું વિસ્તૃત સ્વરૂપ હતું. હવે બાબા ઑસ્ટ્રેલિયા, અમેરિકા અને યુરોપીય દેશોમાં અત્યંત પ્રસિદ્ધ થઈ ચૂક્યા હતા. એમણે ત્રીજી વિશ્વયાત્રા દરમિયાન સિદ્ધયોગનું સામ્રાજ્ય વધારીને સુદૃઢ કર્યું. આ વખતે પણ તેઓ લગભગ બે વર્ષ રહ્યા, અનેક ઠેકાણે આશ્રમો સ્થાપ્યા અને કેન્દ્રો શરૂ કર્યાં.

સને ૧૯૮૧ની ગુરુપૂર્ણિમાના દિને સાઉથ ફોલ્સબર્ગમાં ગુરુપૂર્ણિમા ઉત્સવ વખતે બાબાએ નાટ્યાત્મક રીતે યુવાન સ્વામી નિત્યાનંદની પોતાના ઉત્તરાધિકારી તરીકે જાહેરાત કરી. પૂર્વાશ્રમના સુભાષ શેટ્ટી તે સ્વામી નિત્યાનંદ. તે માત્ર વીસ વર્ષની વયના છે. ભક્તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. તેમને લાગ્યું કે બાબા પોતાના ઐહિક દેહને ત્યજવા માગે છે. લોકોની આંખોમાંથી આંસુ નીકળવા માંડ્યાં, પરંતુ બાબાએ આશ્વાસન આપ્યું કે, ''હું હજુ જીવવાનો છું, આટલી જલદી વિદાય

લેવાનો નથી.'' બાબા તા. ૧૯-૧૦-૧૯૮૧ના રોજ વિશ્વયાત્રાએથી પાછા ફર્યા. આ વેળાએ ગણેશપુરીમાં એમનો જે સત્કાર થયો તે કદી વીસરાઈ શકે એમ નથી. કોઈ પણ મનુષ્યના જીવનમાં આવી ક્ષણ ભાગ્યે જ આવે છે.

ગણેશપુરી આવીને આશ્રમની વ્યવસ્થામાં બાબાએ મહત્ત્વના ફેરફારો કર્યા. હૉસ્પિટલનું કામ ઝડપથી આગળ વધારવા માંડ્યું. બીજાં અનેક મોટાં બાંધકામો ચાલુ કર્યાં. ટ્રસ્ટીમંડળમાં ફેરફાર કર્યા. દરેક ઠેકાણે નવું લોહી દાખલ કર્યું. તા. ૫-૫-'૮૨ના રોજ તેમણે સ્વામી નિત્યાનંદ તથા સ્વામી ચિદ્‌વિલાસાનંદને પોતાની ગાદી ઉપર સ્થાપિત કર્યા અને પોતાની નિવૃત્તિની જાહેરાત કરી. સ્વામી ચિદ્‌વિલાસાનંદ, પૂર્વાશ્રમનાં માલતી શેટ્ટી તે સ્વામી નિત્યાનંદનાં બહેન થાય.

જૂન ૧૯૮૨માં સુરત ખાતે શિબિર યોજાયો. બાબા તા. ૪થી જૂન, ૧૯૮૨ને રોજ સુરત ખાતે પોતાના બેઉ ઉત્તરાધિકારીઓ સહિત પધાર્યા. સુરતના ભાવિક જનોએ એમનું ભવ્ય સ્વાગત કર્યું. છ દિવસ સુધી સુરતમાં અદ્‌ભુત વાતાવરણ સર્જાયું. બાબાના મુકામ ઉપર રોજ સવારે એમનાં દર્શન માટે લાંબી કતારો લાગતી. રંગઉપવન ખાતે સાંજના બાબાના પ્રવચનમાં પાંચેક હજારથીયે વધુ ભક્તો ઉપસ્થિત થતા.

બાબાએ ૧૯૮૨ના જૂન તથા સપ્ટેમ્બરમાં મુંબઈ ખાતે તાજમહાલ હોટલના હૉલમાં મોટી શિબિરો કરી. અનેકોને શક્તિપાતનો લાભ મળ્યો.

૧૩ સપ્ટેમ્બર ૧૯૮૨ને રોજ બાબા કાશ્મીરની પંદર દિવસની મુલાકાતે નીકળ્યા. કાશ્મીરની મુલાકાત માટે બાબાની ઘણા

સમયની ઈચ્છા હતી. કાશ્મીરી શૈવવાદના અભ્યાસી બાબાને કાશ્મીરની ગુફાઓમાં પથ્થર ઉપર કોતરાયેલાં શિવસૂત્રોમાં રસ હતો. આ શિલાલેખોનો અભ્યાસ કરી શકાય અને કાશ્મીરયાત્રા પોતાની રીતે માણી શકાય તે હેતુથી એમણે મુલાકાત ખાનગી રખાવેલી.

## ૧૦. સ્વામી મુક્તાનંદનું મહાનિર્વાણ

બાબાને ૧૯૭૫ના જુલાઈ માસમાં હૃદયરોગનો પ્રથમ હુમલો થયો હતો. ત્યાર પછી બીજો હુમલો ૧૯૭૭ના ફેબ્રુઆરીમાં થયેલો. બીજો હુમલો અત્યંત ગંભીર અને જીવલેણ હતો. ડૉક્ટરો દોડી આવ્યા, પરંતુ બાબાએ કહ્યું, 'મને મારા પર છોડી દો.' તેઓ તરત ધ્યાનમાં ઊતરી ગયા. સાત-આઠ કલાક બાદ તેમણે ધ્યાન છોડ્યું ત્યાં સુધી સૌનો જીવ તાળવે હતો. બાબાની સૂચનાને કારણે ડૉક્ટરોએ કશો ઉપચાર કર્યો નહોતો. બાબા પોતાની સાધનાના બળે આ હુમલામાંથી બચી શક્યા. આમ છતાં ડૉક્ટરોના આગ્રહને વશ થઈ આરામ અને વિશેષ સારવાર માટે મુંબઈની નાણાવટી હૉસ્પિટલમાં તેઓ ભરતી થયા. ત્યાં એમની તબિયતમાં સુધારો થયો. ધીમે ધીમે તેઓ સ્વસ્થ અને હરતાફરતા થયા.

સને ૧૯૭૮ની ૩જી જૂનની ઘટના છે. હું સુરતના એક નાના ભક્તસમુદાય સહિત બાબાને મળવા ગણેશપુરી ગયો હતો. બાબાએ મને તેમના નિવાસખંડની અંદર બોલાવ્યો. બાબાની ત્રીજી વિશ્વયાત્રાની તૈયારી ચાલતી હતી. બાબાએ મને કહ્યું,

''આ મારી છેલ્લી વિદેશયાત્રા છે. પરદેશમાં મારું કાર્ય પૂર્ણ થયું છે. મારે જવાની જરૂર નથી. પરંતુ અહીં મારું કાર્ય બાકી છે. આદિવાસી વિસ્તાર માટે એક મોટી હૉસ્પિટલ, એક શાળા તથા આદિવાસીઓ માટે આવાસો બાંધવા છે. આ કામ માટે મારે નાણાંની જરૂર છે. હું થાકેલો છું. પરંતુ હજુ સુધી મારું કામ બાકી છે. આ વિદેશયાત્રા પછી બીજી વાર હું વિદેશ જવાનો નથી.'' આ અગાઉ આદિવાસી કલ્યાણની બાબાની ઘણી પ્રવૃત્તિઓ ચાલુ થઈ ગયેલી હતી. તેમને માટે ૭૦૦-૮૦૦ જેટલા પાકા આવાસો બંધાયા હતા. એક ફરતી હૉસ્પિટલ ચાલુ કરવામાં આવી હતી. શાળાના મકાનનું બાંધકામ શરૂ થયું હતું. બાબાની ત્રીજી વિશ્વયાત્રા મારી દષ્ટિએ એમના દેહનું જોખમ હતું. કેમ કે હૃદયરોગના બે હુમલાઓ પછી ડૉક્ટરોએ તેમને કાંઈ પણ પરિશ્રમ નહીં કરવાની ચેતવણી આપી હતી. બાબા વિદેશયાત્રાએથી સુખરૂપ પાછા ફરશે કે કેમ તે વિશે મને પોતાને ચિંતા હતી. બાબા પોતે તે જાણતા હતા, છતાં હજુ તેમનું થોડું કામ બાકી હતું.

ત્રીજી વિશ્વયાત્રાએથી પાછા ફર્યા બાદ એમણે પાછી ચોથી વિશ્વયાત્રાની જાહેરાત કરી. સુરત, અમદાવાદ, દિલ્હીના પ્રવાસો યોજાયા. દરમિયાન તા. ૨જી ઑક્ટોબરનો દિવસ ઊગ્યો. બીજે દિવસે બાબાના ઉત્તરાધિકારી સ્વામી નિત્યાનંદ પૂના જનાર હતા. બાબાએ એમને રોક્યા અને કહ્યું, ''તું મોડો જજે. કાલે એક સુંદર ભંડારો થવાનો છે.'' બાબાએ ત્રીજી ઑક્ટોબરે આશ્રમ ખાતે એક સુંદર ભંડારાનું આયોજન કર્યું હતું. બીજી ઑક્ટોબરની રાત્રે બાબાએ આશ્રમમાં ગોઠવાયેલ

કાર્યક્રમમાં ભગવાન નિત્યાનંદ વિશેનું એક ચિત્રપટ જોયું. સ્વામી મુક્તાનંદ કેવી રીતે પોતાના ગુરુની છાયા અને આરસી બનીને રહ્યા હતા તે બાબતનું આ ચિત્રપટમાં નિરૂપણ હતું. ચિત્રપટનું નામ હતું 'પરફેક્ટ મિરર' (સંપૂર્ણ દર્પણ).

સ્વામી ચિદ્‌વિલાસાનંદ કેટલાક દિવસથી કમરના સખત દર્દને કારણે પથારીવશ હતા. રાત્રે ૮થી ૯ના ચિત્રપટના કાર્યક્રમ દરમિયાન ચાલુ ચિત્રે બાબા સ્વામી ચિદ્‌વિલાસાનંદની ખબર પૂછવા માળા ઉપર ગયા. એમણે ખુશમિજાજમાં ઘણી વાતો કરી. ત્યાંથી તેઓ પોતાના શયનખંડમાં આવ્યા અને સૂવા ગયા. લગભગ દસ વાગ્યે એમના ખંડમાંથી ઘંટડી વાગી. કંઈક તાકીદની જરૂર હોય ત્યારે તેઓ આ રીતે ઘંટડી વગાડતા. બાબાની સારવારમાં રહેનાર સ્વામી સેવાનંદ અને નરસિંહબાઈ બાબાના ખંડમાં ધસી ગયાં. બાબાની સારવારમાં હંમેશાં રહેનાર નરસિંહબાઈ એક પારંગત નર્સ હતાં. બાબાએ છાતીમાં દુખાવાની ફરિયાદ કરી. તરત બાબાને દવા અને ઑક્સિજન આપવામાં આવ્યાં. થોડી વાર પછી બાબાએ કહ્યું, ''હવે સારું છે, તમે જાઓ.'' પરંતુ તેઓ બેસી રહ્યાં. બાબાએ થોડી વારમાં પોતાની શાલ ખેંચીને માથા પર ઓઢી લીધી. પોતે સૂવા માગે છે તેનું આ સૂચન હતું. તેઓ તરત નિદ્રામાં પડ્યા અને તેમની નાભિમાંથી શ્વાસોચ્છ્‌વાસ સંભળાવા લાગ્યા. બાબા ઊંઘમાં હોવાની આ નિશાની હતી. બધા ધીરે રહીને બહાર નીકળી ગયા. પોણા અગિયાર વાગ્યે પાછી ઘંટડી વાગી. સ્વામી સેવાનંદ અને નરસિંહબાઈ અંદર દોડી ગયાં. બાબા એક પડખા પર હતા. એમના જવાથી બાબાએ પડખું ફેરવ્યું; એક દીર્ઘ

શ્વાસ લીધો અને તેઓ શાંત થઈ ગયા. બધા દોડી ગયા. પરંતુ દેહમાં ચેતના નહોતી. તરત ડૉક્ટરો દોડી આવ્યા. એકથી દોઢ કલાક એમણે કોશિશ કરી પરંતુ બધું વ્યર્થ હતું. બાબાએ મહાસમાધિ લીધી હતી.

બુદ્ધપૂર્ણિમાના દિને જન્મેલા બાબાએ ગાંધીજયંતીના દિને મહાસમાધિ લીધી. બાબાનો ચહેરો શાંત અને સ્વસ્થ હતો. તેઓ જીવંત હોય અને ગમે તે પળે બોલી ઊઠશે એમ લાગતું હતું. બાબાનું કર્તવ્ય સંપૂર્ણ થયું હતું. મનુષ્યને પોતાની જિંદગી સફળ અને સંપૂર્ણ-પરિપૂર્ણ થયેલી લાગે તેનો જે આનંદ અને સંતોષ હોય તે જ ભાવો આ મહામાનવના ચહેરા પર હતા. તેમનું કાર્ય હવે તેમના ઉત્તરાધિકારીઓએ ઉપાડી લેવાનું હતું.

## ૧૧. બાબાનો સંદેશ અને ઉપદેશ

**ગુરુકૃપા :** કેવળ માનવસમાજનું શા માટે, ચરાચર જગતના બધા જીવોના જીવનનું ધ્યેય દુઃખની નિવૃત્તિ અને પરમાનંદની પૂર્ણ પ્રાપ્તિ છે. પશુપંખી સૌ તેને માટે પરિશ્રમ કરે છે. સુખની પ્રાપ્તિ માટે જ મનુષ્ય નૃત્ય, નાટક, ઈત્યાદિ કલાઓ પ્રાપ્ત કરે છે. નિત્ય આનંદની પ્રાપ્તિને જ મોક્ષ, પરમાત્માદર્શન અથવા ઈશ્વરસાક્ષાત્કાર કહે છે. એ જ ધર્મ છે. એ જ માનવજીવનનો અંતિમ ઉદ્દેશ છે. પરમાર્થ એટલે જીવનનો પરમ અર્થ - પરમ ઉદ્દેશ - જગતમાં અનેક પ્રકારના પંથ છે. તેમાં જ્ઞાન, ભક્તિ, યોગ તથા ગુરુકૃપાયુક્ત સિદ્ધિમાર્ગ મુખ્ય છે. આ બધા માર્ગ પરસ્પર સંકળાયેલા છે. બધા જ માર્ગ પૂર્ણ છે. બધા ધર્મો,

બધા પંથ અને બધા સંપ્રદાય એક જ પરમાત્માના છે.

**જ્ઞાનમાર્ગ :** તેનું સાધન છે જ્ઞાન - ગુરુ દ્વારા મનુષ્યનું પોતે પોતાને ઓળખવું તે જ્ઞાન - સામાન્ય રીતે ગીતા, બ્રહ્મસૂત્ર અને ઉપનિષદના મત પ્રમાણે ચૈતન્ય આત્મા જે સર્વવ્યાપક છે, જીવમાત્રમાં સમાન રીતે વ્યાપ્ત છે, દરેકનો પરમ આધાર છે, જે પરિપૂર્ણ છે, સ્વયંભૂ છે, સર્વ પ્રકારના શરીરમાં વાસ કરવા છતાં પણ જે શરીરાકાર બનતો નથી. પોતાના સ્વરૂપને બદલતો નથી, તે જ ચૈતન્ય આત્મારામ છે અને સૌનો આરાધ્ય પુરુષોત્તમ છે.

ચિત્ત પ્રકાશમય છે. તે જડથી નિરાળું પરમ ચૈતન્ય બધી જડ વસ્તુઓમાં પ્રવેશીને જડને ચૈતન્ય બનાવે છે. દરેકને ચેતનવંત કરીને પણ જે દરેકથી અલગ અને પરમ સ્વતંત્ર છે તે જ વિષ્ણુ, શિવ, અંબા, ગણપતિ અને સૂર્ય - અર્થાત્ પંચદેવ - છે, તે જ સૌનો પરમેશ્વર છે. આવા આત્મારામને શ્રી ગુરુ પાસેથી શ્રવણ-મનન કરીને નિદિધ્યાસન દ્વારા જાણવો અને તેમાં તદ્રૂપ બની જવું એ જ જ્ઞાનીઓનો મત છે. ગુરુ દ્વારા ઉપદેશાયેલા જ્ઞાનમાર્ગે પોતાની ચિતિને ચૈતન્યમાં મેળવીને ચૈતન્યરૂપ બનાવી લે છે. ત્યાર બાદ સોહમ્ જપતાં જ હું સર્વ કોઈ, સર્વ કોઈ મારા અને હું તેમનો, અને સર્વ એક થઈ જાય છે - ત્યારે જ્ઞાની અંદરરહિત, બહારરહિત, એકરહિત, અનેકરહિત, સૌનો પોતે, સૌથી નિરાળો અને પૂર્ણ થઈ જાય છે યાને તે અહમ્ બ્રહ્મ છે. આ જ વેદાંત છે. શ્વેતાશ્વતર ઉપનિષદમાં કહ્યું છે: ''ઈશ્વરનું જ્ઞાન થતાં જ સર્વ બંધનોમાંથી મુક્ત થવાય છે. આ જ જ્ઞાનમાર્ગ છે.''

**યોગમાર્ગ :** બીજું સાધન છે યોગ. ચિત્તવૃત્તિના સંપૂર્ણ

નિરોધને યોગ કહે છે. મહર્ષિ પતંજલિના કથન પ્રમાણે અષ્ટાંગની સાધના કરીને પોતાના ચિત્તનું ચૈતન્યમાં પૂર્ણ તાદાત્મ્ય સાધવું તે યોગ છે. વીખરાયેલા પ્રાણોને સમ કરીને સમતાયોગ પ્રાપ્ત કરવાનો હોય છે. ચિત્ત સંપૂર્ણ રીતે શાંત થઈ જતાં હૃદયમાં પરમાનંદનો ઉદય થવો તે પણ વેદાંતોક્ત આનંદની જ પ્રાપ્તિ છે. જે જ્ઞાન છે તે જ યોગ બની જાય છે. એટલા માટે જ ગીતામાં કહ્યું છે – જ્ઞાન અને યોગ બંને વડે થતી પ્રાપ્તિ એક જ છે. યોગસાધનામાં ગુરુની અત્યંત આવશ્યકતા હોય છે. યોગ પણ એક પૂર્ણ સાધન છે. અને એ પણ જ્ઞાનની અપેક્ષા રાખે છે. જ્યારે ચિત્તની વૃત્તિઓનો નિરોધ થઈ જાય છે ત્યારે તેને કૈવલ્ય અવસ્થા પ્રાપ્ત થાય છે. ગીતામાં કૃષ્ણે અર્જુનને યોગી બનવાનો આદેશ આપ્યો છે. યોગ સર્વજ્ઞ ઋષિઓએ રચેલું એક અપ્રમેય શાસ્ત્ર છે.

**ભક્તિમાર્ગ :** ત્રીજું સાધન છે પ્રેમ – જેવી રીતે જ્ઞાન અને યોગ પૂર્ણ સાધનો છે તેવી જ રીતે ભક્તિ પણ એક સ્વતંત્ર અને પૂર્ણ સાધન છે. ભક્તિ પ્રેમને કહી છે. પ્રેમ અમૃતતુલ્ય સાધન છે. પ્રેમ, આનંદ, સચ્ચિદાનંદ એ બધાનો ભાવાર્થ એક જ છે. જ્યારે જ્ઞાની, જ્ઞાન દ્વારા ચરાચરને પરબ્રહ્મ સમજીને રાગરહિત, દ્વેષરહિત, વેરભાવરહિત, ઈર્ષ્યારહિત થઈ જાય છે ત્યારે તે પોતાની અંદરના પૂર્ણ આનંદનો ભોક્તા બને છે.

પ્રેમ ક્યાં નથી ? પરમાત્માનું સ્વરૂપ જ પ્રેમ છે, આનંદ છે, મસ્તી છે. આનંદમાંથી જ વિશ્વનો ઉદય, સ્થિતિ અથવા લય થાય છે. જગતનું મૂળ પ્રેમ છે. દરેકની વૃદ્ધિ પ્રેમથી થાય છે. જીવવાનું પણ પ્રેમથી થાય છે અને છેવટે લય પણ પ્રેમમાં જ થાય

છે. પ્રેમ સર્વવ્યાપક છે અને એટલા માટે સાધના પણ પ્રેમ છે.

**ગુરુકૃપાયુક્ત સિદ્ધિમાર્ગ :** આ સુલભ અને શ્રેષ્ઠ સાધનનું નામ છે ગુરુકૃપા. શ્રી સદ્‌ગુરુની કૃપાથી શિષ્યનો દુર્ગમ માર્ગ સુલભ થાય છે. ગુરુકૃપાની દીક્ષાને 'શક્તિપાત દીક્ષા' કહે છે. જે કૃપા વડે શ્રીરામકૃષ્ણના સ્પર્શથી સ્વામી વિવેકાનંદને પરમેશ્વરની અનુભૂતિ થઈ તે શક્તિદીક્ષા મહારસમય અને આશ્ચર્યકારક છે. તે પુરાતન કાળથી ચાલી આવે છે.

શક્તિપાતના વિષયમાં કેટલાક લોકોને શંકા થાય છે કે આ કોઈ તાંત્રિક વિદ્યા છે, પરંતુ તે તેઓનું અજ્ઞાન છે. શક્તિપાત અનાદિ કાળથી ચાલી આવતું ઋષિમુનિઓનું દીક્ષાનું સાધન છે. પોતાના દિવ્ય બ્રહ્મતેજને શિષ્યમાં સંચારિત કરીને તેને તત્ક્ષણ બ્રહ્માનુભૂતિ કરાવવી તે જ તેનો મુખ્ય અર્થ છે.

મનુષ્યમાત્રમાં કુંડલિની નામની દિવ્ય શક્તિ રહેલી છે. તે શક્તિનાં બે રૂપ છે : એક રૂપ વ્યવહારને પ્રગટ કરે છે. બીજું રૂપ પરમાર્થને સાધ્ય કરે છે. જ્યારે શ્રી ગુરુ પોતાના શિષ્યો ઉપર અધ્યાત્મશક્તિનું તેજ ફેંકે છે ત્યારે તેની તે પારમાર્થિક શક્તિ પોતાની મેળે ક્રિયાશીલ બને છે. આ પ્રક્રિયાને કુંડલિનીનું અંતર ક્રિયાશીલ બનવું કહે છે. અને તેનું જ નામ દીક્ષા અથવા ગુરુકૃપા છે.

બ્રહ્માનંદમયી ચિતિશક્તિ શ્રી ગુરુમાં પૂર્ણ સ્વરૂપે નિવાસ કરે છે. જે શક્તિમાં પરમ સ્વતંત્રતાથી વિશ્વને રચવાનું સામર્થ્ય છે તેને ચિતિ કહે છે, તે ચિતિ જ ભેદ-અભેદ ભેદાભેદમયી થઈને એક જ વસ્તુથી અનંત રૂપ બ્રહ્માંડ રચીને એકમાં અનેક, અનેકમાં એક કરીને નિર્વિકાર આત્મામાં સવિકાર રૂપ જગત

બતાવે છે. આ કાર્યકારિણી શક્તિનાં અનેક નામ છે, જેવાં કે ચિતિ, યોગિણી, કુંડલિની, ભગવતી જગદંબા વગેરે. શક્તિ વિના શાક્ત નથી અને શાક્ત વિના શક્તિ નથી, બંને એક જ છે.

જ્યારે નિર્ગુણ નિરાકાર સત્તા જે વિશુદ્ધ પરમ ચૈતન્યરૂપ છે તે સ્પંદનયુક્ત થાય છે ત્યારે આ શક્તિ ક્રિયાશીલ બની જાય છે. તે જ પરમાત્માની મહિમારૂપ મહાશક્તિ શ્રી કુંડલિની છે. આ કુંડલિનીને ક્રિયાશીલ કરવાની ક્રિયાને જ શક્તિપાત અનુગ્રહ દીક્ષા કે ગુરુકૃપા આદિ સંજ્ઞાઓથી ઓળખવામાં આવે છે, યોગવાશિષ્ઠના નિર્વાણ પ્રકરણમાં કહ્યું છે:

दर्शनात् स्पर्शनात् शब्दात् कृपया शिष्यदेहके ।
जनयेद्यः समावेशं शांभवं स हि देशिकः ॥

જેમના દીક્ષારૂપ દર્શન, સ્પર્શ કે મંત્ર ઉપદેશથી શિષ્યને પરબ્રહ્મ સાથેની એકતાનો અનુભવ થાય છે તે જ ગુરુ છે. કુલાવર્ણ તંત્રમાં કહ્યું છે કે,

गुरोर्यस्यैव संस्पर्शात् परानन्दोऽभिजायते ।
गुरुं तमेव वृणुयात् नापरं मतिमान्नरः ॥

જેમના સ્પર્શ વડે અંતરમાં પરમ આનંદની અનુભૂતિ થાય તેમને જ બુદ્ધિમાન પુરુષે ગુરુ તરીકે પસંદ કરવા, અન્યને નહીં.

કુંડલિની જાગૃતિની અનુભૂતિઓ – ગુરુ પાસેથી દીક્ષા પછી શિષ્યમાં અનેક પ્રકારની આંતરિક ક્રિયાઓ થાય છે જે અગાઉ આ પુસ્તિકામાં જણાવવામાં આવ્યું છે. ટૂંકમાં શિવસૂત્રમાં કહ્યું છે તે પ્રમાણે, 'प्राण समाचारे समदर्शनम्' અર્થાત્ પ્રાણ સમ થતાં જ યોગીને સમદર્શન થઈ જાય છે. અને 'હું અમુક છું' એવા સંકુચિત ભાવને ત્યજી દઈને 'હું સર્વવ્યાપી ચૈતન્ય છું' – એવો

વિકસિત ભાવયુક્ત બની જાય છે. એટલે કે સંપૂર્ણ કે વિશ્વને જે સંવિત્‌ની ક્રીડા સમજે છે અને જે સતત વ્યાપક ચૈતન્ય સાથે એકરૂપ બનીને રહે છે તે આ જન્મમાં જ જીવનમુક્ત થાય છે, એમાં કોઈ સંદહે નથી. શિવસૂત્ર વિમર્શિનીમાં કહ્યું છે, गुरुर्वा पारमेश्वरी अनुग्राहिका शक्ति - અર્થાત્ પરમેશ્વરની અનુગ્રહ શક્તિના રૂપમાં શ્રીગુરુ પોતે જ દીક્ષા સમયે શિષ્યની અંદર પ્રવેશ કરે છે. પ્રવેશ થતાં જ તે શિષ્યની કાયાપલટ થઈ જાય છે. આ યોગને સિદ્ધયોગ પણ કહે છે. પરમાત્મા સમસ્ત વિશ્વાડંબરનો પરમ આધાર છે. આ જ કારણે તે સત્ છે. તે આત્મતત્ત્વ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનો પરમ આધાર છે. તે જ પોતે સર્વકાય છે, તે પોતે જ સદ્‌વસ્તુ છે, સત્યનો ઉપાસક તેને પ્રાપ્ત કરે છે.

પરમાત્માનું બીજું વિશેષણ ચિત્ છે. ચિત્ એ જ ચિતિ છે, જે સર્વદા, સર્વકાળ, સર્વદેશ અને સર્વવસ્તુઓને ઇદમ્ કહીને પ્રકાશિત કરે છે. આ ચિતિ માનવમાત્રશ્રી સ્વામિની છે, તેને કોઈ પણ મત, સંપ્રદાય કે પંથ વશ કરી શકે તેમ નથી. વેદાંતના જ્ઞાતાઓ આત્મતત્ત્વમાં વિશ્વ સમાયેલું હોવાનું કહે છે. એવી જ રીતે જગતના બધા પંથ ચિતિમાં સમાયેલા છે. જેથી ચિદાત્મામાં ઈશુ, મહમ્મદ, રામ કે રહીમનો ભેદ રહેતો નથી. ચિતિ પરમાત્માનો જ વિલાસ છે. જેમને ચિતિનાં દર્શન થાય છે તેમને તે ચિતિમાં જ આખું જગત અને બધા પંથો દેખાય છે. चिदात्ममयम् सर्वं ग त् - અથવા चितिरेव जगत्सर्वम् - કહ્યું છે એ સંપૂર્ણ સત્ય છે.

સચ્ચિદાનંદ શબ્દનું ત્રીજું પદ આનંદ છે. આનંદમાંથી જ

સકળ જગતની ઉત્પત્તિ, આનંદમાં જ સ્થિતિ અને આનંદમાં જ લય થાય છે - એમ ઉપનિષદમાં દર્શાવવામાં આવ્યું છે.

એમના ભક્તો, પરિચિતો તેઓ કોઈ પણ ધર્મ કે સંપ્રદાયમાં માનતા નહીં. તેમ જ કોઈ પણ જ્ઞાતિભેદ કે વર્ણમાં પણ માનતા નહીં. તેઓ કહેતા કે આ સર્વ મનુષ્યરચિત છે. બાબા કહેતા: ''આપ કિસી દેશ કે હોં, કિસી દર્શન કે હોં, કિસી ધર્મ કે હોં યા કિસી રીતિનીતિ કે હોં, યદિ કુછ સત્યકા સાક્ષાત્કાર કરના હો તો વહ આપ કે અંદર હોગા - ફિર આપ સભીકા સમાન રૂપ સે સ્વાગત કરેંગે ક્યોંકિ સભીમેં આપ ઉસી સત્યકો દેખેંગે - વહી સબસે બડી પૂજા હૈં.''

પૂ. બાબા મૂર્તિપૂજામાં માનતા નહોતા. તેઓ કહેતા કે જો તમે મૂર્તિને મૂર્તિ જ સમજો તો એનો કોઈ અર્થ નથી, પરંતુ તેમાં ચિતિ જુઓ તો જ તે મૂર્તિપૂજા યથાર્થ છે અને જેનામાં એ દષ્ટિ છે તે દરેક ઠેકાણે ચિતિનાં જ દર્શન કરે છે. બાબા દારૂ, માંસ, મદિરા, સિગારેટ કશું છોડવાનું કહેતા નહોતા. તેઓ કહેતા કે તમારામાં કુંડલિની જાગ્રત થાય પછી આપોઆપ તમે બધું જ છોડવાના છો.

બાબા શિવ, વિષ્ણુ એવા ભેદોમાં પણ માનતા નહીં. તેઓ કહેતા:

''શિવ ન શૈવ હૈ ન વૈષ્ણવ હૈ ન બૌધ હૈ।
તેરી આત્મા હૈ જપા કર ઈસકો
શિવ ન હિન્દુ હૈ ન મુસલમાન ન ખ્રિસ્તી હૈ
સભી કી આત્મા હૈ જપા કર ઈસકો।''

# સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્‌ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

ISBN 81-7229-237-6 (set)